Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૭ · અંક : ૩૫ · તા. ૨૩ થી ૨૯ ઑગસ્ટ ૧૪ · વાર્ષિક લવાજમ રૂ. ૫૦ · Regn.No. MH/MR/East/53/2012-14

## આદરાંજલિ



## શ્રી સનત શાહ

અરિહંતશરણ : તા.૩૦.૮.૨૦૦૭

સ્પષ્ટ આદર્શો ભર્યું જીવન,
જ્ઞાતિ પત્રકારત્વના સીમાચિહ્ન
વર્ષો વીત્યાં તોય સ્મૃતિ ગહન

**પ્રકાશ સમીક્ષા સમિતિ**

# બેંકીંગ ક્ષેત્રના અગ્રણીઓ પણ વધાવે છે.
# અરિહંત કો. ઓપ બેંકની સતત પ્રગતિ અને સધ્ધરતા



શ્રી બૃહન્ મુંબઈ નાગરી સહકારી બેંક એસોસિયેશન લિમિટેડ - મુંબઈ તરફથી બેંકને નાણાંકીય વર્ષ ૨૦૧૨ - ૧૩ માટે મળેલ દ્વિતીય પુરસ્કાર અને ટ્રોફી સ્વીકારતા બેંકના ડાયરેક્ટરો અને સી. ઈ. ઓ. (તા. ૬.૮.૧૪)

## અરિહંત બેંકની પ્રગતિ અને સધ્ધરતાની ઝલક (૩૧.૩.૧૪)

**શ્રી અરિહંત કો. ઓપ બેંક ૨૭ વર્ષથી એકધારા 12% ડીવીડંડ આપે છે.**

તા. ૩૧.૩.૨૦૧૪ના પુરાથતાં વર્ષના હિસાબી આંકડા પ્રમાણે તેની • ડીપોઝીટ રૂા. 266 કરોડ • એડવાન્સ રૂા. 154 કરોડ • કુલ બિજનેસ રૂા. 420 કરોડ • વાર્ષિક ટન ઓવર રૂા. 3600 કરોડ • કુલ રીઝર્વ ફંડ રૂા. 24.61 કરોડ • પેઈડ અપ મુડી રૂા. 7.49 કરોડ • એવરજ વર્કીંગ ફંડ રૂા. 273 કરોડ • CRAR 19.31% (જરૂરી 9%) • ગ્રોસ નફો 28. 83 કરોડ • નેટ નફો 1.15. • ગ્રોસ NPA 2.4% • નેટ NPA 0.24% છે • અરિહંત બેંકનું ઈન્વેસ્ટમેંટ રૂા. 124 કરોડ છે જેમાં સમાવિષ્ટ છે • ગર્વન્મેન્ટ સીક્યુરીટી રૂા. 66.49 કરોડ • અન્ય બેંકમાં FDS રૂા. 42.21 કરોડ • કોલ મની ડીપોઝીટ રૂા. 15.34 કરોડ. આ ઉપરાંત • બેંકોમાં બેલેંસ રૂા. 13.37 કરોડ • પોતાની પાસેની રોકડ રકમ રૂા. 2.24 કરોડ • M. D. C. C. માં શેર રૂા. 71 હજારના છે.

### અરિહંત બેંકની બેંકીંગ સેવાઓ

અરિહંત બેંક • કોર બેંકીંગ (CBS) • SMS એલર્ટ સર્વીસ • અરિહંત ATM/DEBIT રૂપે કાર્ડ • ભારત ભરમાં ૧,૨૫,૦૦૦ ATM મશીન દ્વારા તુરંત રોકડ કઢાવવાની સગવડ • RTGS / NEFT • ટોટલ ગર્વન્મેન્ટ ટેક્ષ કલેકશન સર્વીસ • ફોરેન Exch સેવા (સાત પ્રકારના ચલણ અને ટ્રાવેલ કાર્ડ) • જનરલ વીમાની સેવા વગેરે સેવાઓ આપે છે.



શ્રી અરિહંત કો. ઓપ. બેંકને વર્ષ ૨૦૦૩થી પ્રાપ્ત થયેલા એવોર્ડસ (પારિતોષિક) અને માનચિહ્નો.

**આદ્યતંત્રીઓ**
**"પ્રકાશ"**
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
**"સમીક્ષા"**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**"પ્રકાશ સમીક્ષા"**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશમીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 35/2014**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri. R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poomima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર મંગળવાર સુધી

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

# જ્ઞાતિ પત્રકારત્વની ક્ષિતિજો વિસ્તારીને સીમાચિહ્ન બની ગયેલા - સનત શાહ

કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ, પત્રકારત્વ ક્ષેત્રે જ્ઞાતિ સ્તરીય અને બૃહદ સ્તરીય એમ બને સ્તરે તેજસ્વી પ્રતિભાઓ ધરાવતી ભાગ્યશાળી જ્ઞાતિ છે. આ વિશિષ્ટ તારક સમૂહમાં પહેલાં 'સમીક્ષા' અને પછી 'પ્રકાશ - સમીક્ષા'ના તંત્રી તરીકે સાડાપાંચ દાયકા સુધી પત્રકારત્વ ખેડનારા સનત શાહ ઘણી વાતોને કારણે સીમાચિહ્ન બની રહ્યા.... બનીગયા.

સનતભાઈના પત્રકારત્વની પ્રથમ વિશેષતા એ કે જે કાંઈ લખે કે સંપાદિત કરે તે જ્ઞાતિ પહેલાં કેવી હતી, અત્યારે કેવી છે અને ભવિષ્યમાં કેવી હોવી જોઈએ એ ત્રણેય કાળોને એક સાથે સમાવીને કરે.

જે બાબત સ્પષ્ટપણે જ્ઞાતિના હિત વિરોધી લાગે તે વાતને મક્કમતાપૂર્વક નકારે, એ બાબત કોઈ જાતના દબાણ સામે ઝુકે નહીં.

જે બાબતમાં જ્ઞાતિએ વધુ વિચારણા કરવાની બાકી હોય તેના બધાં પાસા જ્ઞાતિજનો સમક્ષ મૂકવા માટે સદાય તત્પર રહે અને તેમાં સૌની મદદ માંગે.

જ્ઞાતિ પ્રતિભાઓને પ્રોત્સાહન આપે પણ તેમના સર્જનમાં સુધારો - વધારો થતો રહે તેવી અપેક્ષા પણ રાખે.

સમાજજીવનને લગતી બાબત હોય તો એક પક્ષના દોરવાયા દોરવાય નહી અને સામેના પક્ષને તેનું શું મંતવ્ય છે એ કહેવાની તક આપે.

જ્ઞાતિ વતન સાથે સંકળાયેલી રહે અને અન્ય કચ્છી સમુદાયો કરતાં મુઠી ઊંચેરી પુરવાર થાય એ બાબત સદાય જાગૃત.

આગેવાનોની મુશ્કેલી સમજે પણ જ્યારે એમ લાગે તેમની બેદરકારી માટે તેઓ બહાના શોધી રહ્યા છે, તો કડક શબ્દોમાં આલોચના કરે.

એકંદરે તેમણે જે સાડાપાંચ દાયકા જ્ઞાતિ પત્રકારત્વ ખેડયું તેમાં જ્ઞાતિએ ઘણા ફેરફારો અનુભવ્યા. પરિવર્તન એ જગતનો નિયમ છે એ બાબત સ્વીકાર્યા પછી પણ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિનું સ્તર હંમેશા ઊંચું રહ્યું છે અને ભવિષ્યમાં રહેવું જોઈએ એવું સનતભાઈ દૃઢ પણે માનતા.

જ્ઞાતિનું સમાજજીવન સમજદારીથી ચાલે, તેને પૈસા કે વગ પ્રભાવિત ન કરી શકે તે માટે પત્રકારોએ વિશેષ ફરજ બજાવવાની છે, આ બાબત પણ તેઓ સદાય જાગૃત.

એમની ચિરવિદાયને સાત વર્ષ થયા.

હાલમાં જ્ઞાતિપત્રકારત્વ કેવું હોવું જોઈએ એ બાબત ચર્ચાઓ થઈ રહી છે.આવા વખતે જ્ઞાતિપત્રકારત્વની ક્ષિતિજો સતત વિસ્તારવાની

એમની ધગશ સાથે ત્રણેય કાળને એક સાથે પરિકલ્પીને નિર્ણય બાંધવાની તેમની ક્ષમતા યાદ આવ્યા વગર ન રહે.

સનતભાઈએ નિષ્પક્ષ અને નીડર પત્રકારત્વ પરત્વે જે અનન્ય નિષ્ઠા સાતત્યપુર્વક દાખવી તેને કારણે તેનો ભાવ હજી પણ વર્તાઈ રહ્યો છે અને એટલે જ પ્રકાશ - સમીક્ષાની કોઈ પણ પડકારને પહોંચી વળવાની ક્ષમતા વિષે જ્ઞાતિજનો લેશ માત્ર ચિંતીત નથી.

આ હકીકત જ છે, એવી પરંપરાના સર્જક સનતભાઈને શ્રેષ્ઠ શ્રધ્ધાંજલિ.

**- ચંદ્રસેન મોમાયા**

**સનતભાઈના મુખેથી:**

***પ્રકાશ અને પ્રકાશસમીક્ષા બન્નેનું કામ ભલે કોઈ પણ સંભાળતું હોય, ખરા અર્થમાં તેને જ્ઞાતિ જ ચલાવે છે અને તેને તેનો ખપ હશે ત્યાં સુધી ચલાવતી જ રહેશે.***

**નોંધ: પર્યુષણ પર્વ અને ગણપતિ ઉત્સવને ધ્યાનમાં લઈને પ્ર.સ.નો આગામી અંક ગુરૂવારે જ છાપવા મોકલવાનો હોય તોમાં મર્યાદિત મેટરનો જ સમાવેશ કરાશે.**

**કચ્છમાં વાહનોનીની સંખ્યાં માણસોની સંખ્યાથી વધી જશે**

ગાંધીધામના અખબાર કચ્છ ઉદયની સ્પેશિયલ સ્ટોરી પ્રમાણે કચ્છમાં છેલ્લા પાંચ વર્ષમાં વાહનની સંખ્યામાં ૧,૭૩,૦૦૦નો જબ્બજર વધારો થયો છે. છેલ્લા એક વર્ષમાં જ ૩૬૦૦૦ ૩ વ્હિલર સહિત ૫૧૦૦૦ નવા વાહનો નોંધાયા છે. શું ભવિષ્યમાં કચ્છમાં વાહનોનો આંકડો વસતિના આંકડાને વટાવી જશે?

**- લબ્ધિ કુમાર મોમાયા - ગાંધીધામ**

**અગત્યની સુચનાઓ**

● પ્રકાશ સમીક્ષાને ઈ - મેલથી જાહેરાત / સમાચાર / મેટર મોકલ્યા પછી તેની અમને આ નંબર પર SMS એસ.એમ.એસ. દ્વારા જાણ કરવા વિનંતી. જેથી તેની નોંધ લઈ શકાય. મોબાઈલ નં. 9004165192. આ નંબર ફક્ત SMS એસ.એમ.એસ. સ્વીકારવા માટે જ છે.

● સમાચાર/ જાહેરાત માટે મોકલેલ મેટર અંગે સહતંત્રી શ્રી ચંદ્રસેન મોમાયાનો સંપર્ક કરવો. મો. ન. 9324618606 અંકો ન મળવા અંગે તેમને ફોન નહીં કરવા વિનંતી.

Please Note : Whenever you send news / advertisement / matter by email, please do send your sms for the same to us on Mob. ; 9004165192. This number is for receiving sms only.

**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઈઝ | આર્ટ પેપર કલર | ન્યુજ ગ્લેઝ કલર | બ્લેક-વ્હાઈટ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 7,000/- | 5000/- | 4,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 4,000/- | 2600/- | 2250/- |
| પા પાનું | 77 x 111 mm | 2,500/- | 1400/- | 1250/- |
| ૧/૮ પાનુ | 77 x 54 mm | આર્ટ પેપરની બેપાનાની જાહેરાત મળે તોજ | 800/- | 700/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | | 400/- | 350/- |

**ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા**

જા.ખ. મેટર મોકલવા સાથે જા.ખ. બ્લેક/વ્હાઈટ છે કે કલર છે, જા.ખ.ની સાઈઝ, જા.ખ.નું બીલીંગ નામ-સરનામું અને જરૂરી પેમેન્ટ સાથે મોકલવું અત્યંત આવશ્યક છે.



## અચલગચ્છ પરિચય ભાગ-૭ અચલગચ્છ સંઘના પ્રથમ પ્રમુખની બાકીકાર્ય સૂચિ
## અચલગચ્છ સંઘના પ્રથમ પ્રમુખઃ નારાણજી શામજી મોમાયાના
## સંઘના બીજા અધિવેશન વખતના પ્રવચન પર આધારિત શ્રેણી

હવે જે કાર્યો તાત્કાલિક ધ્યાન માગે છે તેનો નિર્દેશ કરું તો ઉચિત ગણાશે. આપણી પાસે શ્રી સંઘની ઓફિસ માટે જગા નથી. પહેલાં આપણી ઓફિસ શ્રી આર્યરક્ષિત તત્વજ્ઞાન વિદ્યાપીઠની ઓફિસમાં હતી, પણ તે સંસ્થાના અધિકારીઓએ ત્યાંથી ખાલી કરાવતાં હમણાં શ્રી સંઘની ઓફિસ ૨૧, કેશવજી નાયક રોડ પર મારી બીજી ઓફિસોની સાથે રાખેલી છે. પણ તે શ્રી સંઘના મોભા તથા કાર્યવાહી માટે યોગ્ય નથી. તેથી આપણે સહુએ તથા પુજ્ય આચાર્ય ભગવંતે આ કાર્યને પ્રથમ પસંદગી આપવી જરૂરી છે. જો શ્રી સંઘનું સ્વતંત્ર મકાન થાય તો તેમાં અપ્રાપ્ય ગ્રંથો સુરક્ષિત રાખી શકાય. ત્યાં બેસીને સાધુ - સાધ્વીઓ તથા શ્રાવક - શ્રાવિકાઓ જુના સાહિત્યનું સંશોધન તથા અભ્યાસ કરી શકે અને આપણી સભાઓ તથા સંમેલનો પણ ત્યાં યોજી શકાય. વળી તેનો અમુક ભાગ સાધુ - સાધ્વીજી મહારાજને ઉતરવા માટે પણ કામ લાગી શકે તે માટે ખાસ પ્રયત્ન કરવાની જરૂર છે.

બીજી તાત્કાલિક જરૂર શ્રેણીવર પુસ્તકો તૈયાર કરવાની છે કે જે આપણા ધાર્મિક સિદ્ધાંતોની સાથે હાલના વૈજ્ઞાનિક સિદ્ધાંતોની તુલના કરી તેને સુસંગત સાબિત કરી બતાવે. પૂ. સાધુ મહારાજે તથા સાધ્વીજી મહારાજોએ આ વસ્તુ તરફ વધારે લક્ષ્ય આપવાની જરૂર છે. તેઓ ધારે તો આ કાર્ય જરૂર ટુંક સમયમાં થઈ શકે.

ત્રીજી તાત્કાલિક જરૂર ધાર્મિક પાઠશાળાઓ ચલાવનાર શિક્ષક - શિક્ષિકાઓને તાલીમ આપવાની છે, કારણ કે તેમના ઉચ્ચારો મોટા ભાગે શુદ્ધ હોતા નથી અને તેમના દ્વારા અપાતી સમજુતી પણ તદ્દન સામાન્ય કોટીની હોય છે.

ઉપરાંત એજ્યુકેશન બોર્ડ, પારિતોષિકો, પ્રમાણપત્રો વગેરે માટે પણ વ્યવસ્થા કરવી જરૂરી છે.

આપણા ગચ્છના ખાસ ઉપાશ્રયોની પણ જરૂર છે.

આપણા ગચ્છના વૃદ્ધ અને વિહાર ન કરી શકે તેવા પુજ્ય સાધુ મુનિવરો અને સાધ્વીજીઓ જેઓ હાલ કચ્છ - માંડવી આશ્રમમાં રહે છે તેઓ સિદ્ધગિરિમાં સ્થાયી રહી શકે તે માટે ત્યાં ઓછામાં ઓછા આઠ બ્લોકો હોવા જોઈએ. આવી સગવડ થતા તેઓ પવિત્ર તીર્થમાં રહી પોતાના આત્માનું શ્રેય કરી શકશે.

જેમ આત્માની ઉન્નતિ માટે ધર્મની જરૂર છે, તેમ સ્વસ્થ પ્રાણવંત અને પ્રજ્ઞાશીલ સમાજ માટે આપણા સમાજના પ્રતિકુળ સંજોગોમાંથી પસાર થતા સાધર્મિક ભાઈ - બહેનોનો સર્વાંગી વિકાસ પણ અનિવાર્ય છે.

આપણા સમાજના મોટાભાગના કુટુંબો આજની માઝા મૂકતી મોંઘવારીના લીધે વિષમ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યા છે. પોતાના જીવનનિર્વાહની મુળભુત આવશ્યકતાઓ ઉપરાંત બાળકોનું પાયાનું અને ઉચ્ચ શિક્ષણ, તબીબી ચિકિત્સા, વ્યવસાયિક ક્ષેત્રે આર્થિક મૂંઝવણ અને રહેઠાણ વગેરેના પ્રશ્નોએ તેમની કમર ભાંગી નાખી છે.

આવા ભાઈ બહેનોનેના આરોગ્ય, શિક્ષણ, વ્યવસાય અને વસવાટ ક્ષેત્રે મદદરૂપ થવા આપણે વાસ્તવલક્ષી યોજનાઓ વિચારી એનું અમલીકરણ કરવા સક્રિય પગલાં લઈએ એમાં આપણી માનવતા રહેલી છે.

(સંપૂર્ણ)

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN TOURS & TRAVELS
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

પર્યુષણ શબ્દ પરિ અને ઉષણ એવા બે શબ્દોનો બનલો છે. પરિ એટલે સારી રીતે અને ઉષણ એટલે બાળવું. પર્યુષણ એટલે આત્મજ્ઞાનને સારીરીતે તેજ કરી કર્મો કષાયોને સઘનરીતે બાળવાનું પર્વ.

- તન - મન પરિવાર

શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI Continental
MADHUBAN - JHARKHAND

## ઓશોની દ્રષ્ટિએ નવકાર મંત્ર (ભાગ-૩) આચાર્યોને, ઉપાધ્યાયોને અને સાધુઓને નમસ્કાર શા માટે?

'આચાર્ય' નો અર્થ છે જેમણે મેળવ્યું અને જે મળ્યું તે પોતાના આચરણમાં પ્રગટ પણ કર્યું. 'આચાર્ય' નો અર્થ છે જેમનાં જ્ઞાન અને આચરણ એક છે, એમાં ભેદ નથી. એવું નથી કે સિદ્ધનાં જ્ઞાન અને આચરણમાં ભેદ હોય છે. પરંતુ સિદ્ધનું આચરણ શૂન્ય હોઈ શકે છે, આચરણ પ્રગટ જ ન થાય. અરિહંતનું આચરણ પણ જ્ઞાનથી ભિન્ન નથી હોતું, પરંતુ અરિહંત એવા નિરાકાર થઈ જાય છે કે એમનું આચરણ પણ આપણને દેખાતું નથી.

આપણને કાંઈક સમજવા માટે, આપણને કોઈ મૂર્તની, સીમાઓની જરૂર રહે છે. એક ચોકઠું જે ચાર સીમાઓને બાંધતું હોય એની જરૂર પડે છે. એટલે 'આચાર્ય' શબ્દમાં એક પ્રકારની આપણી સાથેની નિકટતા દેખાય છે. આચાર્યનો અર્થ છે જેનું જ્ઞાન આચરણ છે. કારણકે જ્ઞાનને તો આપણે ઓળખી શકતા નથી, આચરણ આપણને દેખાય છે, એને આપણે ઓળખી શકીએ છીએ.

પરંતુ એમાં એક મોટું જોખમ સમાયેલું છે. આચરણ એવું પણ હોઈ શકે જે જ્ઞાનની નીપજ ન હોય. માત્ર બાહ્ય દેખાવ હોય. કોઈ માનવી અહિંસક ન હોય, પરંતુ અહિંસક હોવાનો દેખાવ કરી શકે. પરંતુ કોઈ વ્યક્તિ અહિંસક હોય, તો તે હિંસાનું ક્યારેય આચરણ કરી ન શકે. એક માણસ લોભી હોય, પરંતુ અલોભી હોવાનું આચરણ કરી શકે. એથી ઉલટું અલોભી હોય, તે લોભી હોવાનું આચરણમાં મૂકી ન શકે. એટલે 'આચાર્ય' આપણને સમજાય છે, પણ ત્યાંથી જ એક જોખમ પણ શરૂ થાય છે. કોઈ માણસ આચરણ એવું કરી શકે કે જેથી તે આપણને 'આચાર્ય' છે એમ લાગે. એટલે આ એક આપણી મર્યાદા છે. સીમા બનવાનું શરૂ થાય છે ત્યાંથી આપણને દેખાવા લાગે છે અને જ્યાંથી દેખાવા લાગે છે ત્યાંથી આપણું અંધત્વ પણ શરૂ થાય છે.

પરંતુ, આચાર્યને નમસ્કાર, એટલે આપણે તેમને નમસ્કાર કરીએ છીએ, જેમનું જ્ઞાન એમનું આચરણ બને છે. અહીં પણ કોઈ વિશેષણ કે વિશેષ વ્યક્તિ તરફ ઈશારો નથી. કોઈ પણ 'આચાર્ય' હોઈ શકે.

આચરણ અને જ્ઞાન જેના એક છે તે 'આચાર્ય' . એ સિદ્ધ પણ હોઈ શકે, અરિહંત પણ હોઈ શકે. આચરણથી જ આચાર્ય આપણને સમજાય છે. પરંતુ આચરણ બહુ સુક્ષ્મ વાત છે અને આપણી બુધ્ધિ બહુ સ્થુળ છે. જાડી છે. એટલે આચરણ પરથી નક્કી કરવું બહુ મુશ્કેલ છે. દાખલા તરીકે, મહાવીર નગ્ન થઈ ગયા. એ ચોક્કસ વાત છે કે ઘણા લોકોને એ નહીં ગમ્યું હોય. ગામેગામથી મહાવીરને ભગાડવામાં આવ્યા. ગામેગામ મહાવીર પર પત્થર ફેંડાયા. એ પત્થર ફેંકનાર આપણે જ હતા. એમ ન સમજતા કે પત્થર મારનાર કોઈ બીજા માણસો હતા. મહાવીરની નગ્નતા લોકોને ન સમજાઈ, કારણકે લોકોએ કહ્યું કે નગ્નતા આચરણહીનતા છે. આ કેવું આચરણ! મહાવીરનું નગ્ન થવું એટલું નિર્દોષ આચરણકે હતું કે જેનો કોઈ હિસાબ લગાવવો શક્ય નથી. મહાવીર એટલા સરળ થઈ ગયા હતા કે એમના માટે છુપાવવા જેવું કાંઈ બચ્યું ન હતું. મહાવીરને હાડકાં અને ચામડીથી બંધાયેલો દેહ બાંધી ન શક્યો. રશિયન વૈજ્ઞાનિકો જેને વિદ્યુત - ચુંબકીય ક્ષેત્ર કહે છે તે શરીર - પ્રાણશરીર એટલું સઘન બની ગયું હતું કે એને કપડાં તો ઢાંકી શકે તેમ ન હતાં. એટલે કપડાં સરી ગયા. એવું પણ નથી કે કપડાં મહાવીરે છોડયાં, કપડાં સરી પડયાં એ જ હકીકત છે.

એક વાર જંગલના રસ્તા પરથી પસાર થતા એમની ચાદર ઝાડીમાં ભરાઈ ગઈ. મહાવીરને થયું કે ચાદર ખેંચીશ તો ઝાડીમાં લાગેલાં ફૂલ ખરી પડશે, પાંદડાં તુટશે, કાંટા હશે તો તે પણ તૂટશે. એટલે અર્ધી ચાદર ફાડીને ત્યાં જ છોડી દીધી. અર્ધી ચાદર રહી હતી તે પણ ક્યારે સરી પડી એની મહાવીરને ખબર ન પડી. લોકોએ જોયું તો મહાવીર નગ્ન ઊભા હતા. આવું આચરણ સહન કરવાનું લોકો માટે મુશ્કેલ થઈ ગયું.

આચરણના રસ્તા ઘણા સુક્ષ્મ અને મુશ્કેલ છે. આચરણના સંબંધમાં આપણા ખ્યાલ બંધિયાર ને વારસામાં મળેલા છે. જે લોકો આપણા કહેવા મુજબ કરવા રાજી હોય છે તેઓ

લગભગ મુડદાલ લોકો છે. આપણું કહ્યું

માનીને આચરણ કરનાર સાધુઓની આપણે ઘણી પૂજા કરી છે. એમાં આચાર્યને નમસ્કાર ની વાત કયાં આવી! તમે એમનું આચરણ નક્કી કરો કે એમનું જ્ઞાન એમનું આચરણ નક્કી કરે?

જ્ઞાન એક પરમ સ્વતંત્રતા છે. માટે જે વ્યક્તિ આચાર્યને નમસ્કાર કરે છે તે એવો ભાવ કરતી હોવી જાઈએ કે હું નથી જાણતો શું છે જ્ઞાન કે શું છે જ્ઞાન કે શું છે આચરણ? એના જ્ઞાનમાંથી પેદા થતું હશે, વહેતું હશે, તેનું હું નમસ્કાર કરું છું.

ચોથા નમોકારમાં 'નમો ઉવઝ્ઝાયણ' ઉપાધ્યાયને નમસ્કાર. ઉપાધ્યાયનો અર્થ છે, એવી વ્યક્તિ કે જે જ્ઞાન આપે છે, આચરણમાં જ્ઞાન ઉતારે છે અને એ જ્ઞાન વિશે ઉપદેશ પણ આપે છે. તે જાણે છે, જાણીને એવું જીવે છે કે જે એના જ્ઞાનમાંથી પેદા થયું હોય અને જેવું જીવે છે અને જાણે છે તેવું જ બતાવે છે, ઉપદેશે છે, આપણે મૌન તો સમજાતા નથી, આચાર્ય મૌન રહી શકે છે. કારણકે એ જાણે છે કે 'મારું આચરણ જ પર્યાપ્ત છે, છતાં તમે આચરણ ન સમજી શકતા હોતો તમે જાણો.' પરંતુ ઉપાધ્યાય તમારા પર વધુ દયાવાન છે. તે તમને શબ્દોમાં કહીને સમજાવે છે.

ધર્મની સીડી પર ઊભેલી વ્યક્તિ માટે, આ ચાર પ્રકારની જ્ઞાની વ્યક્તિઓની સ્પષ્ટ રેખાઓ આંકી. પરંતુ આ ચાર પ્રકારના જ્ઞાનીઓ સિવાય પણ બીજા જાણકારો હશે જે આ ચાર પ્રકારની બહાર છૂટી જાય છે. એટલે આ મંત્ર બહુ આશ્ચર્ય ઉપજાવે તેવો છે.

પાંચમાં ચરણમાં એક સામાન્ય નમસ્કાર છે 'નમો લોએ સવ્વસાહૂણં,' લોકમાં જે પણ સાધુ છે તે સૌને નમસ્કાર'. જગતમાં જે પણ સાધુ છે તે સૌને નમસ્કાર. ચાર પ્રકારના જ્ઞાનીઓ સિવાય, જે અન્યજ્ઞાની રહી ગયા હોય તેમને નમન કરવાનું અમે ન ચૂકી જઈએ. જીવન ઘણું રહસ્યપૂર્ણ છે. બધી વ્યક્તિઓના ઢાંચા ચોક્કસપણે નક્કી થઈ શકતા નથી- એટલે જે શેષ રહી ગયા હોય તેમને માત્ર 'સાધુ' કહ્યા કે જે સરળ છે. એટલા સાદા અને સરળ કે ઉપદેશ આપવામાં પણ સંકોચ કરે. એટલા સરળ કે પોતાનું આચરણ છુપાવે.તેમને પણ અમારા નમસ્કાર.

ક્રમશઃ


**અસલ કલા-કસબનો સમન્વય**

**જ્યોતિ** સિલ્ક સાડી એમ્પોરીયમ

*Sachi Jari maate real nam*

**સાડીઓ • ચણીયાચોળી • ઘરચોળા • બોર્ડરો પાનેતર • બાંધણીઓ મનભાવન ડીઝાઈનો, શ્રેષ્ઠ ક્વાલીટી અને વ્યાજબી ભાવ...**

**૧૩૪/૩૬, બીજે માળે, ઝવેરીબજાર, ખારાકુવા સામે, મુંબઈ- ૦૨. Tel. : 22413995 / 22402786**


**શ્રી ધૃત કલોલ પાર્શ્વનાથાય નમઃ શ્રી અંબે માતાય નમઃ**

## શ્રી અંબેમાં ખોના પરિવાર - સુથરી તીર્થ

સુથરીમાં શ્રી રાજેન્દ્ર મણીલાલ ખોનાના ઘરે બીરાજમાન ખોના ગોત્રના કુલદેવી શ્રીઅંબેમાંની સમુહ પહેડી (જુહાર) તથા નુતન મંદિરની સ્થાપનાની ૫ મી વર્ષગાંઠની ઉજવણી કારતકી તેરસથી પુનમ તા. ૪ થી તા. ૬.૧૧.૧૪ સુથરી મધ્યે રાખવામાં આવેલ છે. આ પ્રસંગે ખોના પરિવારનાં જેના પણ લગ્નના, નામકરણનાં તથા છેડા છેડીનાં જુહાર બાકી હોય તે થઈ શકશે. પુનમનાં પરિવાર દ્વારા માતાજીની સમુહ પહેડી રહેશે.

આ પ્રસંગે ખોના પરિવારના સર્વે ભાવિકો તથા નીયાણીઓને સહ કુટુંબ પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

આ શુભ અવસરે આપણા ભૂઈમાને વસ્ત્ર અર્પણ કરવાનો લાભ માતુશ્રી. કસ્તુરીબેન શીવજી સાંમત ખોના પરિવારે લીધેલ છે.

નોંધ : રેલ્વેની ટીકીટ બુકીંગ પોતાની રીતે કરાવી લેવા વિનંતી છે. આપના આગમનની જાણ અગાઉથી કરશો જેથી વ્યવસ્થા સાચવવામાં સુગમતા રહે. બાકી કાર્યક્રમ હંમેશ મુજબ રહેશે.

**નિમંત્રક : શ્રી અંબેમાં ખોના પરિવારના**
**જય માતાજી**

**સંપર્ક :**

રાજેન્દ્ર મણીલાલ ખોના : 9867692853
ભરત મુલજી ખોના : 9820078058
લહેરચંદ કુંવરજી ખોના : 9825156340
અશ્વિન મણીલાલ ખોના : 9833120585
સમીર કુંવરજી ખોના : 9594274664
દિલીપ મણીલાલ ખોના : 9702034307
વીપીન શામજી ખોના : 9867302873

## માતૃમૂર્તિ

**વનિતા**



**વિશ્વ**

મા શબ્દ કાને પડે એટલે ચૂપચાપ પ્રેમ આપતી, ચૂપચાપ ઘસાઈ મરતી અને ચૂપચાપ આંસુ સારતી એક વાત્સલ્ય અને વેદનાની મૂર્તિ આંખો સામે ખડી થાય. સાથે એવી આપણી માનું આપણે તો કંઈ નહીં કર્યું-ની એક ટીસ આપણા મનમાં પણ ઊઠે. એક દીકરી અને એક દીકરાની પોતાની માની સ્મૃતિમાં લખેલી વાતનો અંશ માણીએ:

કેટલીક બાબતો એટલી અંગત હોય છે કે બીજાઓનો કહી ન શકાય અને એટલી પવિત્ર હોય છે કે તેને શબ્દોમાં પ્રગટ કરવી, એ તેને કંઇક ઝાંખપ કે ડાઘ લગાડવા જેવું, કંઇક તેને નીચે ઉતારવા જેવું લાગે. મા એ મારે માટે કેવળ શબ્દ નથી, એ બહુ વિશેષ વાત છે, બહુ પવિત્ર વાત છે. મા સાથેનો મારો સંબંધ સાવ મારો પોતાનો, મારા જીવનના ગુપ્ત ધન સમો, મારા હૃદયમાં રત્નની જેમ જળવાયેલો અને ઝળહળતો છે કે એ વિશે કશું લખવાનું બહુ રુચે નહીં.

મારી મા કેવી હતી અને કેવી નહિ, એ કાંઇ વર્ણવવાની વાત નથી. બે કે ત્રણ ચોપડી ભણેલી, પંદર વર્ષે જેનાં લગ્ન થઇ ગયેલાં, જેનો પતિ દૂરના મોટા શહેરમાં ભણતો હતો અને જે નાના ગામમાં રહી આખો દિવસ કામ કરી, રાતે ઝોલાં ખાતાં સાસુના પગ દાબતી હતી અને વહેલી સવારે ઊઠી ઘંટીએ દળતી હતી. એ મારી મા કેટલી બધી ભોળી અને નિષ્પાપ હતી તેનો ખ્યાલ કરું છું ત્યારે, આજે, એના અવસાનને પચાસથી વધુ વર્ષ વીતી ગયા પછી પણ મારી આંખો ભરાઇ આવે છે. ભારતની હજારો-લાખો ગૃહિણીઓ જેવું જીવન ખવડાવવું અને ખવડાવ્યા પછી રાંધવું, કામ કરવું, રાત- દિવસ જોયા વિના કામ કરવું, સગાસંબંધીઓને સાચવવાં, મહેણાંટોણાં સાંભળવા અને પોતાની જાત ઘસી નાખવી.

કદાચ એ ઘસી નાખવામાંથી જ સુવર્ણ નીપજ્યું હતું. માએ કેટલાકને આડે રસ્તેથી વાર્યા, કેડલાકને સંકટમાંથી ઉગાર્યા, કયાં તે હારી અને કયાં તે તરીને પાર ઊતરી-આ બધી વાતોનું મૂલ્ય છે, પણ આવું કશું ધારો કે તેણે ન પણ કર્યું હોત, તે પરાજિત નારી હોત કે વિજેતા વીરાંગના હોત, તે જે હોત તે, મારે માટે તે અત્યંત સુંદર, પવિત્ર હતી.

તેણે હંમેશા બીજાને આપ્યું હતું, કશું પાસે રહેવા દીધું નહોતું. કદી ફરિયાદ કરી નહોતી. કદી દીનતા દાખવી નહોતી, બસ, સહી લીધું હતું - સહી લેવાની સભાનતા વિના સહી લીધું હતું, ઉદાર મનથી. એને પૂર્ણ શ્રધ્ધા અને ભક્તિ હતાં. જીવનને જોયું હતું. આથી જ, કોઇની પાસે એની કશી માગણી નહોતી. ભગવાનને ચરણે મૃત્યુ પામવા સિવાય બીજી કશી ઈચ્છા એણે કરી નહોતી.

મારો મોટો વસવસો એ છે કે મેં કોઇ દિવસ એની પાસે બેસી નિક્ટ ભાવે એને પૂછયું નહિ કે મા, તને કોઇ ખાસ ઈચ્છા છે? તને કાંઇ જોઈએ છે? તું સુખી છે? તારું સુખ શામાં છે?

'ટેઈકન ફૉર ગ્રાન્ટેડ' એવો અંગ્રેજીમાં શબ્દ પ્રયોગ છે. આ તો એમ જ છે અને એમ જ રહેશે- એવું માની લેવું મા તો કામ કરે જ ને બધાં માટે! મા તો બધું આપી જ દે ને! મા તો હંમેશા આપણને ટેકો આપે જ ને! આવા આવા ભાવથી ગ્રસ્ત મારા મનમાં કોઈ દિવસ વિચાર નહોતો આવ્યો કે માની આંતરભૂમિમાં કયા પ્રવાહો વહે છે, કયાં એનું વિરામસ્થાન છે અને કયા સુખની આભાથી એનું અંતર ઉજ્જવલ છે! એના ભીતરની વાત કદી જાણી નહિ, કદી પૂછી નહિ, બસ સ્વીકારી લીધું કે મા છે, એનો પ્રેમ છે, એની પાસે બધા હક દાવા કરી શકાય. એનાં સુખદુ:ખની ચિંતા કરી, પણ એના અંતરતમ ઊંડાણમાં શું હતું તેની ઝાંખી કરવા કદી પ્રયત્ન કર્યો નહિ.

અનેક સ્મરણોનું અખૂટ ઐશ્વર્ય મારા મન:પ્રદેશને ભરી રહ્યું છે. માના જીવનને અવિચ્છિન શાંતિથી ભરી દઇ શકે એવું કશું વિશેષ અર્પણ મારું નહોતું થયું, એ વાતનો મને ખૂબ ઊંડો રંજ છે, પણ મને વિશ્વાસ છે કે મા એ તો એવી કોઈ અપેક્ષા રાખી નહિ હોય.

**- કુન્દનિકા કાપડિયા**

## કચ્છ વિકાસના પંથે મુંદરામાં ૩૦,૦૦૦ કરોડના ખર્ચે રિફાઈનરી ઊભી કરવાની યોજના

જાહેર ક્ષેત્રની ટોચની કંપની ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનની તેમની પ્રોસેસીંગ ક્ષમતા વધારીને ૧૦૦ મિલિયન ટન (દસ કરોડ ટન) સુધી લઈ જવાની યોજનાના ભાગરૂપે ગુજરાતનાં કચ્છ જિલ્લાના અત્યાધૂનિક બંદરથી ધમધમતા મુંદ્રામાં રૂા. ૩૦૦૦૦ કરોડના ખર્ચે રિફાઈનરી ઊભી કરવાનું વિચારી રહી છે.

દરિયાકાંઠે રિફાઈનર હોય તો કંપનીને જહાજથી મોટા જથ્થામાં અને ઊંચા ગ્રેડનું ખનિજ તેલ લાવવામાં સરળતા રહે છે. આ ભારેખમ ક્રુડ સસ્તું હોય છે પણ ઈંધણમાં ફેરવવાનું મુશ્કેલ રહે છે.

આઈઓસીના અધિકારીઓએ કહ્યું હતું કે, અમે પશ્ચિમ કાંઠે રિફાઈનરી ઊભી કરવા માંગીએ છીએ. ૧.૫ કરોડ ટનની ક્ષમતાની રિફાઈનરી માટે જમીન શોધીને છીએ. જેમાં બે સ્થળો પર વિચારણા છે, એક અદાણી જુથનું મુંદ્રા બંદર અને મહારાષ્ટ્રનું એક નાનું બંદર છે.

અદાણી જુથની મુંદ્રામાં જમીન છે, જે આઈઓસી રિફાઈનરી માટે લઈ શકે છે અમે કહેતાં તેમણે ઉમેર્યુ કે મહારાષ્ટ્રમાં તમને જમીન સંપાદન કરવી પડશે. કંપનીને અદાણી જુથ દ્વારા મુંદ્રા ખાતે જમીન આપવાની ઓફર કરવામાં આવી છે.


M : 9833004496 / 9892581010 R : 25662750

**રાજુ ઢોલીના મિચ્છામિ દુક્કડમ્**

રાજેન્દ્ર પીતાંબર ડાઘા (વરાડીયા-ભાંડુપ) ઢોલ-શરણાઇ માટે તથા દાંડીયારાસ, લગ્ન, સામૈયું, લગ્નગીત, નવરાત્રી તથા ગરબા, સાંજી, ભાવના, પહેડી તથા પ્રાર્થના માટે મળો જ્ઞાતિના રાજુ ઢોલીને...
**સંપર્ક : એ/૨૨, પ્રેમા નિવાસ, શાસ્ત્રીનગર, એલ.બી.એસ. માર્ગ ભાંડુપ (વે), મુંબઇ-૪૦૦૦૭૮.**



લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

● સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
● રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ.

૧, રૂપલ અપાર્ટમેન્ટ, દાદા સાહેબ ફાલકે રોડ, અરોમા હોટેલની સામે, દાદર (ઈ), મુંબઈ-૧૪.ટે.૨૪૧૬૪૨૩૯

સંપર્ક: દિનેશ દેઢિયા 92234 25676


## શ્રી નવી મુંબઈ અચલગચ્છ જૈન સંઘ

સંઘના આગામી પાંચ વર્ષના વહીવટકર્તાઓની નિર્ધારિત ચૂંટણીમાં આપણી જ્ઞાતિના એડવોકેટ શ્રીમતી મીનલ ખોના ટ્રસ્ટીપદે અને કારોબારી સમિતિમાં ખજાનચી તરીકે શ્રીમતી માલતી ધરમશી અને અન્ય સભ્ય તરીકે શ્રી ગીતા ખોના બિનહરીફ ચૂંટાયા છે.

### કચ્છીમાં જવાબ આપવા

૧) વાંક, ૨) આકડો, ૩) દાણા, ૪) દિવસનો આગલો ભાગ, ૫) છાશ પરનું પાણી, ૬) લોટ, ૭) વ્યર્થ (ચાલુ વિષયથી બહારનું), ૮) કુટુંબ પરિવાર, ૯) અથડાયાકરે, ૧૦) મુંઝારો, બેચેની, ૧૧) રેતી, ૧૨) મેઘધનુષ્ય, ૧૩) કેડ, કાંખે તેડવું, ૧૪) ઓડકાર, ૧૫) તરસલાગવી,

**સાચા જવાબ**

૧) આવકો ૨) અંક ૩) આખો ૪) અગાડ ૫) અચ્છ ૬) અટો ૭) અવરથો ૮) આકાય ૯) આજઠેબેઠા ૧૦) આઝાર ૧૧) આટાર ૧૨) ઈંધરલઠ ૧૩) ઓખાણ ૧૪) ઓગરાઇ ૧૫) ઓન્ડલગઇ


Since 1984...
Lagna Deep
બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ, મુલુન્ડ (વેસ્ટ), મુંબઇ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)



**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી, રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા**

• રીયલ બટ કસબની સાડી બોર્ડર • પીટ્ટા તાર ભરતની સાડી
• કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
• બ્રાઇડલ ચણીયા ચોળી, ડીઝાઇનર સાડી
• પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

**(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)**
જુના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.
**Mob. : 7666688881**

ગુરૂવાર બંધ

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન ચેન્નઈ અને મુંબઈ પ્રેરિત
### યુથ એક્સચેંજ કાર્યક્રમનો પ્રથમ તબક્કો સફળતા ને વર્યો

***વિસ્તારના યજમાનો અને મહેમાનોના નામ આવતા અંકોમાં પ્રગટ થશે.યુથ એક્સચેંજ પ્રોગ્રામમાં સહભાગી થયેલા સૌ મહાજનોને પોતાના નામો તથા અહેવાલ વહેલી તકે મોકલી આપવા વિનંતી.*** ***(તંત્રી)***

**યુથ એક્સચેંજનો ભાવ સમજાવતી કવિતા**

*જિંદગી તો આમ ચાલ્યા કરે*
*પણ કંઈક અલગ થઈ જાય*
***તો શું વાત છે!***
*નથી પુરવા રંગ અમારે ભાત ભાતના*
*પણ કોઈ મેઘ ધનુષ્ય બનાવી જાય*
***તો શું વાત છે!***
*નથી કહેવું કોઈને કાંઈ પણ*
*કહ્યા વગર જ કોઈ સમજી જાય*
***તો શું વાત છે!***
*અલગ અલગ ચહેરાઓની છે આ દુનિયા*
*પણ કોઈ ઓચીતું અજાણ્યું જ હસી જાય*
***તો શું વાત છે!***

*જિંદગી એ પ્રેમનું બીજું નામ છે*
*પણ તમે જ પ્રેમ છો એમ કહી જાય*
***તો શું વાત છે!***
*જીવે છે તો બધા જ પોતાને માટે*
*પણ કોઈ બીજાને માટે જીવી જાય*
***તો શું વાત છે!***
*આમ તો કંઈ લખતા નથી*
*આવડતું મને*
*પણ આમ જ કંઈ લખાઈ જાય અને*
*તમને ગમી જાય તો કહે જે*
***શું વાત છે..***

**- લહેરચંદભાઈ - હૈદરાબાદ**

### યજમાન અને મહેમાનની યાદી

(યજમાનોના નામ બોલ્ડ અક્ષરોમાં છાપ્યા છે તેની બરાબર નીચે તેમને ત્યાં રહેલા મહેમાનોના નામ છે. વિવિધ

**કુમાર બાબુલાલ દંડ - ભાડુંપ (પ)**

અંજલિ ખુશાલ મૈશેરી (જલગામ) - ૧૯

રીયા દિનેશ લોડાયા (જલગામ) - ૧૮

ભક્તિ ભુપેન પોલાડિયા (નાંદેડ) - ૨૧

ભાગ્યશ્રી બિપિન મોતા (નાંદેડ) - ૨૨

**દેવેન ધરમશી - ભાડુંપ (પ)**

સાગર દિલિપ મોમાયા (ગાંધીધામ) - ૨૩

હિતેશ ભરતભાઈ મોતા (ગાંધીધામ) - ૨૧

લિતેશ ભરતભાઈ મોતા (ગાંધીધામ) - ૨૦

સૌરભ વસંતભાઈ લોડાયા (ગાંધીધામ) -૧૮

**છાયા વી. લોડાયા - ડોંબિવલી**

હેતલ ચંદ્રપાલ નાગડા(નાંદેડ) - ૨૩

ભુમિકા મહેન્દ્ર મુનવર(નાંદેડ) - ૨૪

**કલ્પેશ નિરંજન. મોમાયા - મસ્જીદ**

ટીના પારસ નાગડા(નાંદેડ) - ૧૮

નિકિતા નિરેન નાગડા(નાંદેડ) - ૧૮

બ્રિન્દા ચંદ્રકાંત લોડાયા(પાચોરા) - ૨૬

**કિરીટ યુ. છેડા - મસ્જીદ**

રિતેશ ચંદ્રકાંત મૈશેરી(ધૂળે) - ૨૪

ભાવેશ મુલચંદ ખોના(હુબલી) - ૨૮

જય ભરત મોમાયા(હુબલી) - ૨૩

**પ્રીતિ ભરત શાહ - મુલુંડ (પૂ)**

ભૂમિ નિરંજન લોડાયા(ગાંધીધામ) - ૨૪

નીરાલિ મહેશ લાલકા(ગાંધીધામ) - ૧૯

**ચેતન એમ.મોતા - મુલુંડ (પ)**

દિપેશ દિપક ખોના(ગાંધીધામ) - ૨૪

સૌરભ ગુલાબ લોડાયા(હુબલી) - ૨૬

દેવાંગ નિતિન કુરૂવા(નગર) - ૨૧

**હર્ષ જનક ધરમશી - મુલુંડ (પ)**

હર્ષ ભદ્રેશ લાલકા(ગાંધીધામ) - ૧૯

સાગર નિરંજન લોડાયા(ગાંધીધામ) - ૧૯

થિરેશ સંજય લોડાયા(ગાંધીધામ) - ૨૧

**મનિષ ડાઘા - મુલુંડ (પ)**

કોમલ ભદ્રેશ ડાઘા(નાંદેડ) - ૧૮

હિના બિપિન મોતા(નાંદેડ) - ૧૭

**પૌલમી વાય. ધરમશી - મુલુંડ (૫)**

મનિષ હરીશ પટેલ(બિજાપુર) - ૨૮

સિધ્ધાંત રાજેન્દ્ર પોલડિયા(જાલગામ) - ૨૨

શક્તિ ભુપેન પોલડિયા(નાંદેડ) - ૧૭

**પ્રતિક નવિન નાગડા - મુલુંડ (૫)**

જિનલ ગેમેન્દ્ર મૈશેરી(જલગામ) - ૨૦

હેતલ હેમેન્દ્ર મુનવર(નાંદેડ) - ૨૦

**સાધના રાજ કુરૂવા - મુલુંડ (૫)**

ખુશ્બુ પ્રદિપ પટેલ(હુબલી) - ૨૦

નિધિ કુમારપાલ લાલકા(હુબલી/ગદગ) - ૧૯

નિરાલિ શ્રીકાંત લોડાયા(રાયચુર) - ૨૩

**સંજય લોડાયા - મુલુંડ (૫)**

સેજલ વિરચંદ મૈશેરી(જલગામ) - ૧૯

શ્રીયા સંજય સોની(જલગામ) - ૧૮

**અનુજ ડી.મોમાયા - વાશી**

મોનિકા મણિકાંત લોડાયા(હુબલી) - ૨૩

શિફાલી અભય મોતા(હુબલી) - ૧૯

**ભુમિન લાજેશ મોતા - વાશી**

પ્રિતેશ ડુંગરશી ભાટે(ધુળે) - ૨૧

સ્મિત હેમેન લોડાયા(ધુળે) - ૨૦

આદિશ અનુપ ખોના(ધુળે) - ૨૭

ભાવેશ ચંદ્રકાંત લોડાયા(હુબલી) - ૨૪

**હિરેન મણિલાલ દંડ - વડાલા**

સંકેત કિરીટકુમાર લોડાયા(શાહ) (પાચોરા) - ૨૪

કૌશિક ખુશાલચંદ પોલડિયા(પાચોરા) - ૨૨

**સંગીત ધરમશી - વરલી**

નિર્મલ ભરતભાઇ મોમાયા(ગાંધીધામ) - ૧૯

મોહિત ઉદયભાઇ મુનવર(ગાંધીધામ) - ૨૨

કુણાલ મનોજ લોડાયા(ગાંધીધામ) - ૨૧

## શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન કોઈમ્બતુર યુવા એકસચેંજનો અહેવાલ

શ્રી પૂના સંઘ તરફથી તા.૧૫ ઓગસ્ટ થી ૧૭ ઓગસ્ટ ત્રણ દિવસ ૪ યુવક અને ૩ યુવતિ શ્રી કોઇમ્બતુર સંઘમાં પધારી સભ્યો સાથે રહી વિચારો /સંસ્કારોના આદાનપ્રદાન સાથે અહીંની જીવન શૈલીને નજદીકથી માણેલ. સાથે સાથે અત્રે શ્રી સંઘના યુવાઓની પ્રવૃત્તિઓને પણ સારી રીતે માણી. એકબીજા સાથે પ્રેરણા રૂપ થયેલ. એમના રોકાણ દરમ્યાન અમારી શ્રી યુથ ફોરમ દ્વારા આયોજીત કાર્યક્રમ ધ્યાન લિંગમ, ઊટી, કોઈમ્બતુર શહેર દર્શન, શોપિંગ સાથે કોઈમ્બતુરની જે વિશેષતા છે એ કોટન સ્પિનીંગ મીલની પણ મુલાકાત લીધી.

સકળ સંઘ સાથે વિચારોની આદાનપ્રદાન હેતુ એક સ્નેહ સંમેલનનું આયોજન થયું શ્રી સંઘના સર્વે સભ્યો હાજર રહી એકબીજાના સંપર્કમાં આવેલ. પૂના સંઘના સર્વે યુવકયુવતીઓને સંઘ વતી યાદ રૂપે શ્રી સંઘના વડિલોના હાથે સ્મૃતિ ચિન્હ ભેટ આપવામાં આવેલ. યુથ ફોરમના સભ્યોએ આ ત્રણ દિવસનું સુચારુરૂપે આયોજન કરેલ. સંઘના માનદમંત્રી શ્રી લિતિનભાઇ નવિનચંદ્ર લોડાયા એ આભાર વિધિ કરેલ.

**પુના સંઘના યુવા મહેમાનઃ** શ્રી સંકેત સતીશ લાલકા, શ્રી ધવલ મિલિન પટેલ, શ્રી ઉત્કર્ષ ખુશાલ મૈશેરી, શ્રી પ્રશાંત ગોસર અને કુ. તેજલ અજય દંડ, કુ ઋતુ મિલન પટેલ, કુ.યામિની યતીશકુમાર છેડા.

**કોઈમ્બતુરના યજમાનઃ** શ્રી કાંતિલાલ ગાંગજી વોરા, શ્રીમતી કલ્પનાબેન કિર્તી મોમાયા શ્રીમતી લીલાવંતીબેન નવીનચંદ્ર લોડાયા.


શુભેચ્છાસહ *Laxmichand Dharshi Mota*

**MOTA SHIPPING AGENCY**

C.H.A.No. 11-0404

રાજ લક્ષ્મી આરોગ્ય ધામ - પંચગીની

સંપર્ક : 08879677709

શુભેચ્છાસહ.....

**શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)**

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઇ-૯.

## YOUTH EXCHANGE PROGRAM
## Response from participants & well wishers

Motto of youth exchange program was to make future generation active in community and gather them in different way and increase bonding among the youth.

I being an ambassador of this wonderful "beyond limitation program" want to state that the mission of youth exchange is accomplished. It has started germinating seeds of friendship and cultural exchange.

Words are less to praise Chennai mahajan members rather call Chennai mahajan family.

Three days of affection, hospitality and togetherness has brought youth of two cities near and chance to exchange thoughts.

I had a great stay with my new family in Chennai and didn't miss my family or city for a second also.

3 thousand cheers to Chennai mahajan family!

Looking forward for more enthusiasm from both the cities during return program in October.

Lots of best wishes,

**MAYURI RAMESH SHAH,** Sangli.

I wish to convey my hearty congratulations to u for this very novel idea of KDO YE. Our community has just got a new lease of life according to me. We are happy that this program is getting the desired & expected response. We from Cochin & I on my personal behalf wish we reach greater heights during the coming days.... Now v look up to u for newer ideas for Gnati development esp when young ppl r involved

**DHARMESH R NAGDA**, Cochin :

Hearty congratulations to Tilak uncle Mumbai Mahajan and Kalpesh bhai for conducting this event and making it a grand success.

It was like we r meeting new family but now I feel we r relatives had awesome time spending with Kirit Chedda and family.I've never had such a wonderful experience before. Thank you so much for giving me these 3 days to be spent?

Hope for more of such events in d coming future, with new ideas & d suggestions given by all of us=ØÞ

**SMT. ALPA DHARAMSHI** Bengaluru

I, on behalf of all the Nanded Ambassadors appreciate the Wonderfull project of KDO YOUTH AMBASSADOR EXCHANGE organised by Chennai & Mumbai Mahajan. All the ambassadors enjoyed the warm & caring hospitality of mumbai host families a lot, made new friends and got a new platform for the interaction with our community and also awaiting for more of such programmes in the near future, so as to make our community one big family. Also I want to personally thank Shri Tilakchand bhai Lodaya & Shri Kalpesh bhai momaya for their dedicated and selfless service to make this project a grand success.

**PARAS KULINKANT NAGDA**. Nanded

Extraordinary experience. Enjoyed and learnt beyond expectation. Will never forget Chennai and our KDO friends and elders. This should be organised every year. Age group may be made more flexible.

I learnt many social skills which are going to make a huge difference in my life. Exposure is everything. This expands definition of KDO experience beyond Sangli. This is an investment in community's and my future. Those who didn't not join have lost an opportunity. Salute to Chennai KDOs.

**Ms. MAYURI**, Sangli.

Wow. Chennai express. Congratulations. All your efforts have succeeded Makes us feel we were youth in this era and could go for such amazing well programmed events of our community. Jai ho.

**DR MAHIMA MOHIT DAND**, Hubli

Our hosts at Hyderabad have meticulously prepared the programme to receive the Ambassadors from Kochi. First day afternoon they will be going to Kulpakji Tirth with about 6 to 8 youngsters from Hyderabad. On return they will go to Ramoji City. While visiting Chaitanya Puri they will interact with community members staying there. You just cannot avoid local site seeing when you are at Hyderabad. Meeting Acharyaji. Meeting with Committee members, youngsters and people who have achieved something in life and sharing their experiences.

Thank you Manikantbhai and Monikbhai.

**ANUPAMA RAJESH MOMAYA** (chennai)

It is a gtreat pioneering community work by about 5 or 6 families of a small Mahajan of Chennai. My heartiest compliments and Congratulations.

**MANIKANT P. MOTA,** Kochi

## ઓસ્ટીઓપોરોસીસ અને ફ્રેક્ચર - ડૉ. વીરચંદ લખમશી નાગડા-મુલુંડ

ઓસ્ટીઓપોરોસીસને લીધે હાડકાં છિદ્રાળુ થઇ જાય છે, એમની ડેન્સીટી ઘટે છે એટલે એ નબળા થઇ જાય છે. અને એટલે જરા જેટલા ઝટકાથી કે સહેજ પડવાથી પણ એ તૂટી શકે છે; ફ્રેક્ચર થઇ શકે છે. મોટા એક્સીડંટ કે વધુ ઉંચેથીપડવાથી ગમે તેને ફ્રેક્ચર થઇ શકે છે. પણ ૫૦વર્ષની ઉંમર પછી ઓસ્ટીઓપોરોસીસને લીધે જરા પડવાથી કે થોડાક ધક્કાથી ફ્રેક્ચર થઇ શકે. ઓસ્ટીઓપોરોસીસ ખૂબ જ હોય તો વ્યક્તિને છીંક આવે કે થોડા હલનચલનથી પણ, ફ્રેક્ચર થઇ શકે. તેથી આ બિમારી ન થાય એ માટે પૂરા પ્રયત્ન કરવા જોઇએ.જેમ ઉંમર વધે તેમ ઓસ્ટીઓપોરોસીસ વધે અને જેટલા હાડકા વધુ નબળા એટલા ફ્રેક્ચર થવાના સંજોગો વધતા જાય.

૫૦વર્ષની ઉંમર પછી ચાલવામાં ધ્યાન રાખવું, પડીએ નહીં તે જોવું. ઘરની અંદર ક્યાંય પાણી ઢોળાયેલું કે ફર્શ ચિકાશવાળી ન હોય (ખાસ કરીને બાથરૂમ, રસોડામાં) તે ધ્યાન રાખવું. પાણી ઢોળાયેલું હોય, બાથરૂમ ભીનું હોય તો સંભાળીને કોરું કરવું, જેથી લપસવાની શક્યતા મટે. કારપેટ, શતરંજી, ગલીચા વગેરે કાળજીપૂર્વક પાથરેલા હોય, તેના દોરા વગેરેમાં પગ ફસાય એ રીતના ન હોય તેનું ધ્યાન રાખવું.ખુરશીના પગમાં કે અન્ય સામાન સાથે અથડાઇએ નહીં, પડીએ નહીં તે સાંભળવું. દાદરા ઉતરતી વખતે પગથીયા સંભાળીને ઉતરવા. ઘરમાં યોગ્ય અજવાળું (રાતના પણ) રાખીએ, જેથી બાથરૂમ માટે રાતના ઉઠીએ ત્યારે બધું બરાબર દેખાય અને પડીએ નહીં.

ચાલવામાં તકલીફ હોય તો વ્યક્તિ કે વસ્તુનો કે લાકડીનો સપોર્ટ લઇ ચાલવામાં શરમ ન રાખવી. રસ્તામાં ચાલતી વખતે વાહનો, ખાડાઓ વગેરેથી સંભાળવું. ચપ્પલ, સેન્ડલ, બૂટ હાઇ હીલવાળા ન લેવા, ચાલવામાં તકલીફ પડે એવા ન હોવા જોઇએ.

સ્કુટર ચલાવીએ તો ખાડામાં કે ઉબડખાબડ રસ્તામાં વધુ જોરથી ન ઉછળે તે જોવું, વેઇટ


**પાસ થયા અભિનંદન**

જન્મ : ૪.૧૧.૧૯૯૦



ગામ : તેરા
હાલ : ખામગામ,
આણંદ પરિવાર

**ચિ. ઉમેદ રાજેશ દંડ**

MBA (Marketing & Finance) માં 61%
**સાથે શેગાવ કોલેજથી ઉત્તીર્ણ થયેલ છે.**
**ઉત્તરોતર પ્રગતિ કરતા રહો.......**

અમારી હાર્દિક શુભેચ્છા

**દાદાણા : માતુશ્રી ધનવંતી સોમચંદ દંડ**
(તેરા - ખામગામ)

**નાનાણા : માતુશ્રી પુષ્પાબાઇ હિરાલાલ જીવાણી**
(કોઠારા)

**માતા પિતા : સૌ.ગીતા રાજેશ દંડ** (તેરા - ખામગામ)

**એવંમ સમસ્ત દંડ અને જીવાણી પરિવાર**



**જીવન સંધ્યા, ગદગ**

જરૂરત છે

સ્વતંત્ર રીતે રસોડું સંભાળી શકે એવા સેવાભાવી બહેનની અથવા દંપત્તિ (Couple) ની જરૂરત છે. સેવાની દ્રષ્ટિએ જોડાવા માગતા હશે એમને પ્રથમ પસંદગી આપવામાં આવશે. જરૂરી સગવડો ઉપલબ્ધ કરવામાં આવશે. અન્ય જરૂરીયાતવાળાં બહેનો પણ નીચે મુજબનાં ફોન ઉપર સંપર્ક કરી શકે છે.

**શ્રીમતી મણીબાઈ કાંતીલાલ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ**
મુલગુંદ રોડ, ઝાકિર હુસેન કૉલોની ની પાછળ,
ગદગ-૫૮૨૧૦૩ (કર્નાટકા)

| | |
|---|---|
| 09448138780<br>Sha Lalji Manekji | 09341319295<br>Sha Harish Munvar |
| 09448186222<br>Sha Dineshchand Kuverji | 09448165256<br>Sha Veerendra Padamshi |

લીફ્ટીંગ કરનારે ગજા બહારનું વજન ન ઉચકવું નહીં તો આ બન્ને કેસમાં કમરના મણકામાં કોમ્પ્રેશન ફ્રેક્ચર થઇ શકે છે. દારૂ પીનાર ગમે ત્યાં પડે અને ફ્રેક્ચર થાય માટે વ્યસન ત્યજવું. કોઈપણ રીતે ફ્રેક્ચર ન થાય એ માટે પૂરેપૂરી સંભાળ લઇએ.

જ્યારે પડીએ અને ફ્રેક્ચર થાય ત્યારે ઘણું કરીને થાપાના ફીમર નામના હાડકાના નેકનું અથવા કાંડાના હાડકાનું, કમરના મણકાના હાડકાનું ફ્રેક્ચર થાય છે. ક્યારેક એક જ હાડકું તુટે તો ક્યારેક એથી વધારે હાડકા તૂટે (સીમ્પલ અને કમ્પાઉન્ડ ફ્રેક્ચર) ક્યારેક ફ્રેક્ચર થાય અને તુટેલું હાડકું કોઇ અવયવને ઇજા પહોંચાડે (કોમ્પ્લીકેટેડ ફ્રેક્ચર) દા.ત. પાંસળી તૂટે અને ફેફસામાં ઘૂસે કે લીવર અથવા સ્પ્લીન (પ્લીહા)માં ઇજા થાય.

નાના બાળકો પડે તો ઘણું કરીને હાડકા જલ્દી તૂટતા નથી સિવાય કે જોરદાર માર લાગે. બાળકો પડે તો તેમના હાડકા પૂરેપૂરા તુટતા નથી પણ દિવાસળી વળે અને જેમ એ એકદમ નથી તૂટતી એમ હાડકા ઘણું કરીને થોડા જોડાયેલા તૂટે છે (ગ્રીન સ્ટીક ફ્રેક્ચર) વેઇટલીફ્ટીંગમાં વ્યક્તિ વધુ વજન ઉંચકે, સ્કુટર ખાડાને લીધે જોરદાર ઉછળે કે બટ્કસ બેસવાની જગ્યા પર પડીએ ત્યારે કરોડરજ્જુ ઉપરથી નીચે દબાય ત્યારે કોમ્પ્રેશન ફ્રેક્ચર થાય.

આપણે ફ્રેક્ચરના પ્રકારના ઉંડાણમાં જવાને બદલે તે વખતે લેવાની સંભાળને સમજીએ. ફ્રેક્ચર થયું છે એમ જણાય ત્યારે ફ્રેક્ચર થયેલા ભાગને જરાય હલનચલન કર્યા વગર એટલે કે હાથના ફ્રેક્ચરમાં, હાથના હાડકાનું હલનચલન ન થાય માટે ફૂટપટ્ટીનો સપોર્ટ આપી જોળી જેમ બાંધી સાચવીએ, લાકડીનો ટેકો કે અન્યનો સહારો લઇ ચાલીએ અને ત્વરિત હોસ્પીટલ પહોંચીએ.

કમરના હાડકાનું ફ્રેક્ચર હોય તો કમર પર વજન ન આવે એ રીતે સ્ટ્રેચર કે ખુરશી પર બેસાડી વ્યક્તિને હોસ્પિટલ લઇ જઇએ. આટલી સંભાળ રાખવાથી હાડકાના વધુ ટુકડા ન થાય, લોહી અંદર વધુ ન વહે, સોજા વધે નહીં અને ડૉક્ટરને પણ હાડકા સાંધવામાં સરળતા રહે અને ભવિષ્યમાં ખોડ પણ ન રહે.

ફ્રેક્ચર થયેલા હાડકાને પૂરેપૂરો જોઇન્ટ થતા ૩ મહિના લાગે. ફ્રેક્ચર માટે હાડકાના ડૉક્ટર પ્લાસ્ટર કે ઑપરેશન કરે પછી પણ ફ્રેક્ચર થયું હોય તેણે ૩ મહિના સુધી ખૂબ સંભાળવું પડે. પગનું ઑપરેશન થયું હોય તો એ પગ પર વજન ન આવે તેમ જમીનથી અધ્ધર રાખી 'વૉકર' થી ચાલવું, હાથમાં ફ્રેક્ચર થયું હોય તે હાથથી વજન વગેરે ન ઉંચકવું જેથી તૂટેલા હાડકા બરાબર સંધાઇ જાય.

ડૉક્ટરે કે ફીઝીઓથેરાપીસ્ટે જે કસરત કહી હોય તે યોગ્ય રીતે કરવી નહિં તો એ ભાગના સ્નાયુ, લીગામેન્ટસ, સાંધા વગેરે જામ થઇ જશે તો તે યોગ્ય રીતે કામ કરશે નહિં હાથના ફ્રેક્ચરમાં હાથના સ્નાયુઓ માટેની કસરત સાથે ખભાનું પુરતું હલનચલન પણ થતું રહે તેનું ધ્યાન રહે, નહીં તો ઘણાને ખભો જામ (ફ્રોઝન સૉલ્ડર) થાય ખભામાં દુ:ખાવો રહે છે, હાથ પહેલાની જેમ હલાવી શકતા નથી અને એટલે પછી અલગથી કસરત કરવી પડે છે. એજ રીતે પગના કે બીજા કોઇ ભાગના ફ્રેક્ચર વખતે ધ્યાન રાખવું કે તેના અન્ય સાંધા જકડાઇ ન જાય. તે દરેક સાંધાને વખતોવખત હલાવતા રહેવું..... તેમનો વપરાશ કરવો. આમ ૩ મહિના સુધી સંભાળ રાખવી.

પડી ન જવાય એ માટે પૂરતી સંભાળ લઇએ, એવી એકટીવીટીસ જેમકે બેડમીન્ટન, ડાન્સ, દાદરા ચડઉતર વગેરે કરીએ જેથી સ્નાયુઓ લચીલા થાય તેમજ શરીરને બેલેન્સ જાળવવાની આદત રહે. એક પગપર ઊભા રહેવાનું યોગાસન કરવું (એક પગે ઊભા રહી, બીજો પગ ઘૂંટણથી વાળી બીજા પગને ઘૂંટણ પર અડાડી હાથના પંજા જોડી માથા ઉપર આકાશ તરફ નમસ્કારની જેમ જોડી જેટલી વાર ઊભા રહી શકાય એટલીવાર ઊભા રહેવું) શરીરને આ યોગાસનથી બેલેન્સ જાળવવાની આદત રહેશે, પરિણામે જરા જરામાં પડીશું નહીં અને ફ્રેક્ચરથી બચીશું.

હાડકા નબળા ન થાય એ માટે બેઠાડુ જીવન ત્યજીએ, એક્ટીવ રહીએ, તડકામાં ચાલીએ. કેલ્શયમ, વિટામીન 'ડી' ધરાવતા ખાદ્યો લઇએ. વધુ મીઠાનો વપરાશ ટાળીએ. વ્યસન ત્યજીએ લસણ ફ્રેક્ચરવાળા હાડકાને જલ્દી જોડે છે. કાંદામાં રહેલ પેપ્ટાઇડ કેલ્શીયમ હાડકામાં મજબુતી જાળવી રાખે છે. જૈનધર્મના પાયાના સિધ્ધાંત પ્રમાણે આપણે રાગ- દ્વેષ, મોહ, માયા. ઈર્ષ્યા વગેરે અવગુણ છોડવા કહ્યા છે તે છોડતાં નથી પણ દવા રૂપ ઉપયોગી કાંદા, લસણ, લીલોતરી એ છોડીએ છીએ. ભીંડા, કોબી, બ્રોકોલી જેવા ઘેરા લીલા રંગના શાકભાજીમાં પુષ્કળ કેલ્શીયમ હોય છે. આવા ખાદ્ય ન ખાવાથી હાડકાં નબળા પડશે અને સાંધાઓ દુ:ખશે, પડીશુ તો ફ્રેક્ચર જલ્દી થશે અને આપણે ધાર્મિક કાર્યો કરવાને બદલે પીડામાં જ રચ્યાપચ્યા રહીશું. ફ્રેક્ચર થશે તો ૩ મહિનાનો ખાટલો થશે અને આપણને સંભાળવામાં ઘરના અન્ય વ્યક્તિઓ આપણી સેવામાં વ્યસ્ત થશે અને એમના કાર્યોમાં ખલેલ થશે.

## અશુદ્ધ શબ્દ-પ્રયોગ ટાળીએ
## પૂ. મુનિરાજ શ્રી હિતવિજયજી મહારાજ

### જીન નહિ,. જિન

જિન - રાગદ્વેષના - વિજેતા તીર્થંકર.

જીન - એક જાતનું ભૂત, ઘોડાનું પલાણ.

જય જીનેન્દ્ર અશુદ્ધ છે, અનર્થકારી છે.

જય જિનેન્દ્ર શુદ્ધ છે, માટે આમ જ લખાય.

જીનાલય અશુદ્ધ છે, જિનાલય શુદ્ધ છે.

અજીતનાથ અશુદ્ધ  છે, અજિતનાથ શુદ્ધ છે.

અરીહંત અશુદ્ધ છે, અરિહંત શુદ્ધ છે.

ઉપર મુજબ શુદ્ધ લખવાના આગ્રહી બનીએ અને અશુદ્ધ લખવાના દોષથી બચીએ.

### વૈયાવચ્ચ નહિ, વેયાવચ્ચ

મૂળ સંસ્કૃત શબ્દ 'વૈયાવૃત્ય' પરથી પ્રાકૃતમાં 'વેયાવચ્ચ' શબ્દ બને છે. પ્રાકૃતમાં 'ઐ' સ્વર નથી. સંસ્કૃત 'ઐ' સ્વરનો પ્રાકૃતમાં 'એ' થાય છે. માટે 'વૈયાવચ્ચ' એવું અશુદ્ધ લખાય-બોલાય છે, તે અજ્ઞાનની નિશાની છે.

### સહસ્ત્ર નહિ, સહસ્ર

સહસ્ર (સ્ અ ર ઈ સ્ર) 'હજાર એવા અર્થમાં આ સહસ્ર શબ્દ જ સાચો છે. 'સહસ્ત્ર' શબ્દ કોશમાં આવો શબ્દ જ નથી. 'સહસ્ત્રફણા પાર્શ્વનાથ' આમ લખાય છે, તે અશુદ્ધ છે. સાચી અને શુદ્ધ રીતે 'સહસ્રફણા'  પાર્શ્વનાથ' આમ જ લખાય. 'જૈનં જયતિ  શાસનમ્' આ શુદ્ધ હોવાથી આમ જ લખાય. આમાં 'જૈનં' શુદ્ધ છે.' જૈનમ્ જયતિ શાસનમ્ આ અશુદ્ધ છે. આમાં 'જૈનમ્' અશુદ્ધ છે.

### ૬ 'રી' પાલક યાત્રા સંઘ

જૈન તીર્થયાત્રા સંઘમાં 'પાદચારી, સદાચારી, બ્રહ્મચારી,' આમાં અંતમાં 'રી' અક્ષરવાળા આચાર-પાલન બતાવનારા ૬ શબ્દો હોવાથી આ તીર્થયાત્રા સંઘ ટૂંકમાં ૬ 'રી' પાલક યાત્રા સંઘ કહેવાય છે. અવતરણ ચિન્હો 'રી' આમ રીની આજુબાજુ જ કરાય, પણ '૬' આ રીતે ન જ કરાય. છ 'રી' પાલિત યાત્રા સંઘ-આ લખાણ સર્વથા અશુદ્ધ હોવાથી આમ લખાય જ નહિં. છ પછી કરાતું અવતરણ ચિન્હ અક્ષરનો લોપ સૂચવનારું લોપક ચિન્હ છે. પણ પછી કોઈ અક્ષરનો લોપ થયો નથી, માટે છ 'રી' આમ લખાય છે, તે અશુદ્ધ છે. ૬ 'રી' પાલક યાત્રા સંઘ આમ વિશુદ્ધ લખવાના આગ્રહી બનીએ અને અશુદ્ધ લખવાના દોષથી બચીએ.


**માસિક શ્રદ્ધાંજલિ**







**અરિહંત શરણ : તા. ૧૮.૭.૧૪**

**ગામ : સાંધાણ - વડાલા**

**સ્વ. માતુશ્રી ખમ્માબેન ડાહ્યાભાઈ ધુલ્લા**

**સ્વ. (મણીબાઈ જેઠાભાઈ લોડાયા કુમઠાવાળાની દિકરી**

આપનો પરોપકારી સ્વભાવ અને કુટુંબ પ્રત્યેની લાગણી, પ્રેમાભાવના, જે જોવા મળતી હતી, એ હવે અમારા સૌના હૈયામાં આપની ઉપસ્થિતી અલૌકિક અનુભુતિ કરાવે છે. પ્રભુ આપના આત્માને પરમશાંતિ આપે એવી ભાવપુર્વક શ્રધ્ધાંજલિ અર્પણ કરી એ છીએ.

**ભાવભરી શ્રધ્ધાંજલિ**

**ખીમજી જેઠાભાઈ લોડાયા પરિવાર** (કુમઠાવાળા)
(કોઠારા - ડોંબિવલી)
ગં. સ્વ. ગંગાબાઈ ખીમજી લોડાયા
ગં.સ્વ. માલતી ચંદ્રકાંત લોડાયા
નિકેતા વિશ્વજીત લોડાયા,
રીના હિતેન્દ્ર લોડાયા
ગીરીરાજ ખીમજી લોડાયા
મધુમતી (ભમતા) સુરેશ શાહ
સ્વ. પુરબાઈ વિશનજી લોડાયા પરિવાર
(કોઠારા - ઘાટકોપર)
ગં. સ્વ. લક્ષ્મીબેન વિજય લોડાયા,
અરૂણા શૈલેશ લોડાયા

## **સાહિત્ય સમાલોચના:** તીર્થયાત્રા માર્ગદર્શિકા અને આઓ ભાવયાત્રા કરેં

**તીર્થયાત્રા માર્ગદર્શિકા :** ગુજરાત, રાજસ્થાન, કલ્યાણક ભૂમિઓ, મધ્યભારત, મહારાષ્ટ્ર આદિ, કર્ણાટક આદિ. લેખક - સંપાદક. અશોકુમાર જૈન, રાજચન્દ્ર આશ્રમ, અગાસ, મો.૯૯૧૩૮૮૭૪૪૧ બુકલેટ સાઈજ પૃષ્ટ ૮૦/ ૧૦૪/૫૬/૫૬/૩૨/૩૨. મુલ્ય રૂપિયા : ૩૫/ ૪૦/૧૫/૨૦/૧૦/ પ્રાપ્તિસ્થાન : જૈન પ્રકાશન મંદિર, દોશીવાડાની પોળ, ઝવેરી વાડ, કાળપુરુ, અમદાવાદ - ૧.

આકર્ષક રૂપરંગમાં પ્રકાશિત ઉપર મુજબની પુસ્તિકાઓમાં ભારતભરના તીર્થોની ટુંકી માહિતી છે. એ તીર્થોના સરનામાં - ફોન નંબરો, માર્ગદર્શક નકશાઓ વગેરે માહિતી ખુબ ખુબ જહેમત ઉઠાવીને સંગૃહિત કરવામાં આવી છે. પ્રમુખતા શ્વેતાંબર તીર્થોના હોવા છતાં દિંગબર તીર્થોના પણ આમાં સમાવેશ થયો છે. એથી આ સંકલન સર્વગ્રાહી બની જશે. યાત્રિકો યાત્રા પ્રવાસ વખતે આ પુસ્તિકાઓ સાથે રાખે, તો ઘણી ઘણી સુગમતા રહે, અજાણ્યા પ્રદેશોમાં લાંબીપુછપરછ કર્યા વિના જ સહેલાઈથી પ્રવાસમાં આગળ વધી શકાય. તેમજ ગંતવ્ય - તીર્થેની આસપાસમાં આવેલા તીર્થોથી પણ માહિતગાર બની શકાશે. અશોક કુમાર જૈનના આ પ્રયાસને ખુબ અભિનંદન! નાના મોટા પુસ્તકો આ અંગે ઠીક ઠીક પ્રમાણમાં પ્રકાશિત થયા હોવા છતાં આ નાનકડી બુકો ખુબ ખુબ ઉપયોગી નીવડશે, એમ અવશ્ય કહી શકાય.

**આઓ ભાવ યાત્રા કરે, : શાંત** સુધારસ. પુ.આ. શ્રી રત્નસેનસુરીશ્વરજી મહારાજ. પ્રકાશક. દિવ્ય સંદેશ પ્રકાશન, ૨૦૫, સોના ચેમ્બર્સ, ૫૦૭/૫૦૯ જે. એસ. એસ. રોડ, ચીરા બજાર, સોનાપુર ગલીની સામે, મરીન લાઈન્સ, (ઈ), મુંબઇ - ૪૦૦૦૦૨. ડેમી સાઈજ પૃષ્ઠ : ૧૫૪/ ૪૨૬. મુલ્ય : ૬૦ -૧૪૦ રૂ.

બીજા ભાગ રૂપે પ્રકાશિત આઓં ભાવ યાત્રા કરે! માં પુ. આચાર્યદેવશ્રીએ ત્રણ પ્રકારની ભાવયાત્રા કરાવવાનો સફળ પુણ્ય પ્રયાસ કર્યો છે. અષ્ટાપદ - તીર્થ તો આજે અદૃશ્ય છે, છતાં પુજ્યશ્રીએ એવી શૈલીથી અષ્ટાપદની ભાવ યાત્રાનું સંકલન કર્યુ છે કે, જાણે આ તીર્થેનો માનસપટ પર સાક્ષાત્કાર થવા પામે. અષ્ટાપદ - પુજાના આધારે આ તીર્થની ભાવયાત્રા ૨૬ પેજ સુધીમાં વર્ણવાઈ છે.

પછીના ૧૧૪ સુધીના પૃષ્ટોમાં અડસઠ અક્ષર એના જાણે, અડસઠ તીરથ સાર આ ગીત કડી મુજબ ૬૮ અક્ષર મુજબના નામથી અંક્તિ ૬૮ તીર્થોની કરાવાયેલી ભાવયાત્રામાં એ એ તીર્થોના સરનામા આદિનો પણ આમાં ઉલ્લેખ થયો હોવાથી યાત્રા કરવાની ભાવના - પુર્તિ સહેલાઈથી થઈ શકે:

૧૧૫ માં પેજથી પ્રતિક્રમણની ભાવયાત્રા કરવાઈ છે. પ્રતિક્રમણના હેતુઓ વગેરેનો ઉલ્લેખ પણ આમાં થવા પામ્યો છે.

૧૩/ ૧૪ માં પુસ્તક તરીકે વર્ષો પુર્વે ભાગમાં પ્રકાશિત શાંત સુધારસ. દળદાર કદમાં એક જ ભાગ રૂપે પુનમુદ્રિત બનેલ છે. સંપુર્ણ ગ્રંથનો માણવા માટે અત્યુપાયોગી આ નવસંસ્કણમાં અનિત્યાદિ બાર અને મૈત્રી આદિ ચાર ભાવનાઓના સ્વરૂપને તાદશ ચકીત ૧૬ ફોર કલર પૃષ્ઠોથી વધુ સમૃદ્ધ બનવા પામ્યું છે.

### શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનની અકસ્માત વીમા યોજનાના દાતાને અભિનંદન

શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન ના નેજા હેઠળ દાનવીર શેઠ શ્રી કિરીટભાઈ લાપસીયા (ચેમ્બુર રવા) આકસ્મિત મુત્યુ વિમા યોજના દ્વારા તમામ કે.ડી.ઓ ને અકસ્માતે થતા મૃત્યુ સામે પરિવારજનોને વિમા કવચ પુરું પાડવા માટે જે અભિયાન ચાલુ કરેલ છે. તે બહુજ સરસ વિમા કવચ છે.

સમસ્ત કે.ડી.ઓ. મહાજન તમજ શ્રી કિરીટભાઈ લાપસીયા નો ખુબ ખુબ આભાર ધન્યવાદ જેટલી અનુમોદના કરો એટલી ઓછી છે.

***ગુલાબચંદ છેડા-સુરત***

## ક.દ.ઓ. આગેવાન શ્રી મહેન્દ્રભાઈ એસ. શાહની ભાવનગર ડિસ્ટ્રીક્ટ ચેમ્બર ઓફ ઈન્ડસ્ટ્રીઝની સ્ટીયરીંગ કમીટીના ચેરમેનપદે પુન : નિયુક્તિ.



મુળ નલીયા (કચ્છ) ના વતની શ્રી મહેન્દ્રભાઈ એસ. શાહ છેલ્લા ઘણા વર્ષોથી ભાવનગરને કર્મભુમિ બનાવી સ્થાયી થયેલા છે. શ્રી મહેન્દ્રભાઈ ભાવનગર ડિસ્ટ્રીકટ ચેમ્બર ઓફ ઈન્ડસ્ટ્રીઝ સાથે છેલ્લા ૨૮ વર્ષથી સતત જોડાયેલા રહ્યા છે અને સંસ્થાના પ્રમુખપદે કાર્યભાર સંભાળેલ છે. તેઓ સંસ્થાની સ્ટીયરીંગ કમીટીમાં છેલ્લા ૮ વર્ષથી કમીટીના ચેરમેનપદે નિયુક્ત થતાં આવ્યા છે. તા.૨૦.૭.૨૦૧૪ના યોજાયેલી સંસ્થાની ૫૭ મી વાર્ષીક સામાન્ય સભામાં પણ સ્ટીયરીંગ કમીટીના સભ્યોની નિયુક્તિ થતાં કમીટીના સભ્યશ્રીઓ દ્વારા આગામી ટર્મ ૨ વર્ષ માટે સંસ્થાની સ્ટીયરીંગ કમીટીના ચેરમેન પદે શ્રી મહેન્દ્રભાઈ એસ. શાહની પુનઃ નિયુક્તિ કરવામાં આવી છે.

શ્રી મહેન્દ્રભાઈ શાહ ભાવનગર કચ્છ સમાજના સ્થાપક પ્રમુખ છે અને સતત છેલ્લા ૨૮ વર્ષથી પ્રમૂખ છે. તેઓ સર તખ્તસિહજી ધર્મશાળામાં ટ્રસ્ટી તરીકે, બહેરા મુંગા સ્કુલની મેનેજીંગ કમીટીમાં સભ્ય તરીકે ઉપરાંત ઈલેક્ટ્રીસીટી સપ્લાય કોડ રીવ્યુ પેનલ, પોસ્ટ ખાતની પરિવર્તન સમિતિ, ભાવનગર, રેલ્વે સ્ટેશન કન્સલ્ટેટીવ કમીટી, આઈ. ટી. આઈ.ની આઈ .એમ સી. કમીટી, જીલ્લા ઉદ્યોગ કેન્દ્રની કાર્યવાહક સમિતિ, સ્વીફ્ટ સમિતિ, મીઠા ઉદ્યોગ સમિતિ, કામદાર રાજ્ય વિમા યોજનાના દવાખાનાની સલાહકાર સમિતિ તેમજ જીલ્લા રોજગાર સલહાકરા સમિતિ વિગેરે સમિતિઓમાં તોઓ ભાવનગર ડિસ્ટ્રીકટ ચેમ્બર ઓફ ઈનસ્ટ્રીઝના પ્રતિનિધિ તરિકે સતત હાજર રહી ઉદ્યોગોના પ્રશ્નોના નિરાકરણ માટે સતત પ્રયત્નશીલ રહે છે.

## કચ્છ સાંધવ ગામમાં બિરાજમાન કુળદવી શ્રી અંબામાં ને નમતા તમામ ખોના નુખનાં પરિવારો જોગ....

જય જિનેન્દ્ર સાથે જણાવવાનું કે પરમ કૃપાળુમાં અંબામાંની અસીમ કૃપા થઈ અને ગત કારતક - સુદ ૭નાં રોજ "માં" એ પોતાનું પાત્ર (ભુવા) શ્રી પ્રદિપ આણંદજી ખોનાની "માં" ની સેવા કરવા પસંદગી ઉતારી છે.

પરંપરા મુજબ એક વર્ષ બાદ (ભુવા)ની ગંધી બદલવાનો પ્રસંગ આપણા સૌ ભાવિકો સમક્ષ આવી પહોચ્યો છે. ત્યારે કારતક સુદ - ૭ ને તા. ૩૦.૧૦.૨૦૧૪ વાર ગુરુવારના શુભ મુહુર્તે ભુવાશ્રીની ગંધી બદલવાનો કાર્યક્રમ નિર્ધારેલ છે. જે પ્રસંગ સર્વે ભાવિકોને સહ કુટુંબ પધારવા આમંત્રણ છે.

***"માં" આપણી, આપણે "માં" ના.***
***તો પછી વિચાર શું કરો?***
***આપણે સાંધવ જવાના...***

### કાર્યક્રમની રૂપરેખા

**• તા. ૨૮.૧૦.૧૪ ને મંગળવારના મુંબઈ / દેશ - દેશાવરથી "માં" નાં દરબારે જવા રવાના...**

**• તા. ૨૯.૧૦.૧૪ ને બુધવારના સાંધવ ગામે આગમન**

**• તા. ૨૯.૧૦.૧૪ને બુધવારના રાતના "માં"ની ભક્તિ - ભાવના દાંડીયા રાસ...**

**• તા. ૩૦.૧૦.૧૪ કારતક સુદ - ૭ ના સવારનાં ૭.૦૦ કલાકે "શાંતિ હવન"**

**૧૦.૩૦ કલાકે ભુવાજીની ગંધી બદલાશે.**

**• ૧૧.૩૦ કલાકે માતાજીનાં જુવાર અને સમુહ પ્રસાદ**

**સાંજના માતાજીનાં આશીર્વાદ સાથે સૌ સૌનાં ઘર જવા પ્રસ્થાન.**

ઉપર મુજબનાં કાર્યક્રમમાં "માં"નાં આશીર્વાદ લેવા તમામ ભાવિકોને સહ કુટુંબ પધારવા નમ્ર વિનંતી છે.

**સુચના : જે ભાવિકો આવવાનાં હોય તેઓએ પોતાની ટીકીટ જાતે જ બુક કરાવવાની રહેશે.**

## The nurturing of Indian Jain Women in and for Twenty First Century

**Mrs. Nalini Pravinchandra Dharamashi** Kothara-Surat (Mobile-09228784960)

We often read in news papers that so and so Indian woman is appainted CEO of so and so bank of so and so multinational company. We all feel proud of the same. We feel proud that now women are even running heavy locomotives. Once my husband had written an article in which about top ten Indian successful women's name were there. I tried to find out that is there any jain women in that list? I was diappointed that I could not locate any! The only Jian business women I understand is Mrs. Indu Jain, the chairperson of Indian's largest media group, Bennett coleman & co. Ltd. and that due to her being family member of the founders of the group.

Jainism is one of the rare religions in which women are revered. The concept of chatur Vidh Sangh concept has acecpted shravaks Shravikas, Sadhus and Sadhvis as four pillars of Jain religions. Jainism is perhaps among a few religions which permit a woman to give up the worldly responsibilities or renounce the family life and become a Sadhvi for the propogation of jain religion. Christian is yet another religion which permits a woman to be a Nun. So as a whole, even religion is male dominated!

I am glad that a couple of women were elected as office bearers in our KDO Mumbai Mahajan and Anantnath Trust in last election. But majority of Jain women have not change with time, I find the same craze for heavy and expensive clothes, ornaments, craze for beauty parlors and indulgence in low IQ activities like kitty parties, Antakshari and card playing.

I am a member of a Jain Social Group, which recently organized an event called Women Empowerment in which the main item was Fashion Show! No wonder the song 'Main Chij Badi Hun Mast Mast' is popular. When Women still consider themselves show piece and a Chij, how relevent is the talk of women empowerment?

This reminds me of a situation when I as a Principal of primary school used to organize fancy Dress Competition. Besides this is prehaps the first competition a child usually faces. The idea is also to satisfy parents' wish that their child must come on stage. This also helps a child to overcome stage fear. But for grown up women, these kinds of fashion shows are not in tune with Jain Culture. The majority of Competitions for women still remain limited to age old subject of cookery, garba and dandia raas, fashion show, hair style making, mehnadi and last but not the least antakshri and housie and some time quiz on religious subject. The worst part of this situation is the participation of highly educated ladies in such activies.

It is high time we as guardian of children as well as culture wake up. As learned and conscious parents, we must prepare our girl children for future. The day by day life is becoming complicated and with trend of nucleus family, the girl must be able to handle the various tasks not just cooking.

Some time back I and my husband had met a local Marwari Jain Social worker who is also the follower of Achalgachh Samachari. We were amazed to know his very progressive and well timed ideas. He told us that we Marwari feel isolated and lonely except among our own society as our children are not highly educated, they cannot speak Hindi or English very fluently. So they have started classes in which apart from jain religion English is also taught. I salute such proactive and prograssive leader. Even similar practice was followed by one of our KDO parents who are settled in Vadodara. They could understand that their children are weak in English so they sent them to special classes. such vigilant parents and leaders are the need of hours. The need of the hour is not women empowerment but women enlightenment.

## ધન્ય છે ગદગના જ્ઞાતિજનોને!

ગદગ મધ્યે તા.૨ થી ૬ઠ્ઠી ઑગસ્ટના ઉજવાયેલ શ્રી ચિંતામણી પારસનાથના જિનાલયના શતાબ્દી મહોત્સવમાં પરમપૂ.શ્રી જયદર્શિતાજી મ.સા.આદિઠાણાની નિશ્રા હેઠળ અને શ્રી ગદગ મહાજનના પ્રમુખ શ્રી નવિનભાઇ શામજી લાલકાની યુવા ટીમની કાર્ય પધ્ધતિ વિવેક, વિનય, સંપ, સમયબધતાએ ગદગ સમાજનું માન શિખરે પહોંચાડયું.

ગદગજેવા નાના શહેરમાં બહોળી સંખ્યામાં પધારેલ અતિથિઓને રહેવાની, ખાનપાનની તેમજ યાતાયાતની સુંદર સર્વ શ્રેષ્ઠ વ્યવસ્થાથી જ્ઞાતિના શ્રેષ્ઠીઓ પણ અચંબામાં પડીને પ્રભાવિત થયા.

મંદિરમાં કાર્યક્રમ દરમિયાન સર્વે વિધિવિધાન, પૂજા, વરઘોડો તેમજ ધ્વજારોહણની વિધિ ઉત્તમ રીતે સંપૂર્ણ કરી. શ્રી ગદગ જિનાલયને સંગીતની સુંદર હેલી મંત્રો ઉચ્ચારણના ગુંજન સાથે આકાશમાંથી હેલીકોપ્ટરમાંથી ફુલોની વર્ષા થઇ. રથયાત્રા સમયે પણ ફૂલોની વર્ષા વરસાવી પાવન કરી. શ્રી ગદગના જિન મંદિરને તીર્થ રૂપે જાહેર કરવા માટેની સુંદર વ્યવસ્થાથી પધારેલા સર્વે મહાનુભાવો ભાવ વિભોર થયા અને ઘણાંજ ઉત્સાહથી ઘીની ઉછામણીનો લાભ લીધો.

ગદગ નિયાણી બહેનો એ પણ રંગ રાખ્યો તન, મન, ધનથી ગદગ ગામનું ઋણ અદા કર્યું.

ગદગના અન્ય સમાજોના જૈનો મારવાડી, ગુજરાતી તેમજ ગદગના બીજી નાતના રહેવાસીઓને પણ આમંત્રણ આપી જૈનોની એકતાનું વાતાવરણ પ્રસ્તુત કર્યુ. શ્રી મંદિર ઉપરાંત મહાજનવાડી, ઉપાશ્રય હૉલ, જ્ઞાતિની સ્કુલ, જ્ઞાતિના વૃધ્ધાશ્રમ વગેરે સંકુલો ઘણી જ જહેમતથી શુશોભિત થઇ રહેલા જોઇને સંતોષની લાગણી થઇ.

૨૫૦ જણાએ સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરેલ નાટ્યની પ્રસ્તુતિ ખરેખર પ્રશંસનીય હતી.

ધન્ય છે ગુરૂવરોને, ધન્ય છે શ્રી પ્રમુખ શ્રી તથા કાર્યકર્તા કમીટીને, ધન્ય છે ગદગવાસીઓને ધન્ય છે ગદગની પાવન ભૂમિને.

**માધુરી નવિનચંદ્ર સોનવાલા**
**દિનેશ મુલજી પીર પરિવાર**

**ઝુકી તો**



**જવાય ને!**

## ધન્ય ગદગના જ્ઞાતિજનોની વ્યવસ્થા અને અતિથી ભાવના

ગદગ જવાનો વિચાર ર્ક્યો ત્યારે લાગ્યું કે તે ગામ કેવું હશે, અમને ફાવશે કે નહીં? પરંતુ ત્યાં ગયા ત્યારે અમને ખબર પડી કે અહીં તો કોઇ વાતની કમી ન હતી. ગદગ ગામમાં કચ્છી દશા ઓસવાલના લગભગ ૧૫૦ ઘર છે. પરંતુ એ લોકોએ ભારતના ખુણે ખુણેથી પધારેલા આઠસો જેટલા મહેમાનોની રહેવાની સારામાં સારી વ્યવસ્થા કરી હતી. ગામની દરેકે દરેકે વ્યક્તિઓએ એક બીજાનાં સંપે અને સહકારથી કાર્ય કરી આવનાર કોઈ પણ વ્યક્તિને જરા પણ તકલીફ ન પડે તેની ખાસ કાળજી રાખી હતી.

દેરાસરમાં રોજ સવાર, બપોરે, સાંજના કાર્યક્રમોની પણ સુંદર ગોઠવણ કરી હતી. વિધીકાર શ્રી કેશવજીભાઈ ગડા તથા ગીતકાર શ્રી મનોજભાઈ કારાણી, ભાવનાબેન તથા તેમની સંગીત મંડળીએ તો સૌ કોઈને સંગીતમાં રસ તરબોલ કરી મુક્યા હતા. જાણેકે દેરાસરની સો વર્ષની ઉજવણીમાં સ્વર્ગ પણ જમીન પર ઉતરી આવ્યું હોય એવો અહેસાસ થતો હતો. વિધિકારના ખુબજ શુદ્ધ અને ભાવ સભર મંત્રોચ્ચારથી વાતાવરણ મંગલમય, પવિત્ર અને પાવન થઈ ગયું હતું વરઘોડો પણ ભવ્ય હતો આપનાર દરેકના ચહેરા ઉપર જાણે ઉત્સાહ સમાતો ન હતો. આમ કરતાં પાંચ દિવસ ક્યારે પસાર થઈ ગયા તેની ખબર જ ન પડી.

ગદગનાં પ્રમુખ શ્રી નવીનભાઈ લાલકા તથા શ્રી સુધીરભાઈ સોની શ્રી સુજીવભાઈ સોની જ્યારે મળતા ત્યારે પુછતા કે કેમ લાગે છે બધું બારાબર છે ને? કોઈ તકલીફ તો નથી ને? આ બધું જોઈ અમે તો ગદગદ થઈ ગયા કે મોટા શહેરો કરતાં નાના ગામના લોકોની વાણીમાં ખુબજ મીઠારા અને તેમની અતિથી ભાવના ખૂબજ પ્રેમાળ હોય છે જે આપણને ફરી ફરી માણવા માટે પ્રેરિત કરે છે.

અમે આ પ્રસંગો ભાગ લઈને અમારી જાતને ધન્ય માની. ખરેખર ગદગના લોકોની આટલી સુંદર વ્યવસ્થા બદલ દરેક વ્યવસ્થાપકોને અમારા વતી ખૂબ ખૂબ અભિનંદન અને ધન્યવાદ દેરાસરની તકતીમાં ફાઉન્ડરનાં નામ માં અમારા પૂ. વડીલ શ્રી દેવશી ખેતશી ખોનાનું નામ વાંચી અમને ખુબજ આનંદ થયો.

**- મધુબાલા નરેન્દ્ર ખોના - અમદાવાદ**

## ચક્ષુદાન - મહાદાન

આપણી સામાજીક માન્યતા એવી છે કે શારિરિક ખોડ હોય એવા લોકો સામાન્ય જીવન જીવી શકતા નથી. એમની જીંદગીમાં ઓશીયાળા પણું લખાયેલું છે અને એમને મન મારીને જીવવા સિવાય વિકલ્પ નથી. પણ આ દુનિયા અજાયબીઓથી ભરેલી છે અને કુદરતની લીલા ન્યારી છે. કુદરતે માણસને વરદાન રૂપે વિચક્ષણ બુધિમત્તા અને લોખંડી ઈચ્છાશક્તિ આપ્યા છે. આ વરદાનથી મનુષ્ય શારિરિક ખોડખાપણે પ્રગતિમાં અવરોધરૂપ બનવા નથી દેતો અને ગમે તેવી વિપરીત પરિસ્થિતિમાંથી માર્ગ કાઢી શકે છે.

કુદરતનો નિયમ છે કે એક ઈન્દ્રીય નબળીહોય તો અન્ય ઈન્દ્રીયો મહેનતથી જાગૃત બની શકે છે. દાખલા તરીકે એવા ઘણાં લાકો છે જે દ્રષ્ટિહીન હોવા છતાં જીવનમાં ધારેલા કાર્ય કરી શકે છે, સામાન્ય માણસની જેમજ રમત રમી શકે છે.

૨૫ ઓગસ્ટની ચિત્રલેખા વાંચતા એક આશ્ચર્યજનક લેખ ઉપર નજર પડી. હાલમાંજ વડોદરા શહેરમાં એક નોખી ફુટબોલ સ્પર્ધા યોજાઈ ગઈ. આ સ્પર્ધા મુંબઈ અને કેરળનાં અંઘ ખેલાડીઓ વચ્ચે હતી. આ સ્પર્ધામાં સાડા ચાર કિલોના ખાસ પ્રકારના બોલનો ઉપયોગ થયો હતો. મેચ નિહાળવા આવેલા દર્શકોએ ભરપૂર રોમાંચ અને અચંબો અનુભવ્યો હતો.

કહેવાનું તાત્પર્ય એ છે કે આખ ફક્ત જોવાનું કાર્ય જ નહીં, પણ અનેક કાર્ય કરે છે. જે શબ્દ હોંઠ પર નથી આવતાં એ ભાવ આંખ દર્શાવે છે. ભગવાને સૃષ્ટિને નિહાળવા માટે આંખોની અદભુત રચના કરી છે.

**આંખની રચનાઃ** આંખોને એક કેમેરા સાથે સરખાવી શકાય. જેમ કેમેરોમાં ફોકસિંગ લેન્સ હોય તેમ આપણી આંખમાં પણ લેન્સ હોય છે. કેમેરામાં જતાં પ્રકાશનું નિયંત્રણ ડાયક્રમના છિદ્ર (એપરચર) દ્વારા થાય એમજ આપણી આંખમાં પ્યુપિલ કીકી હોય છે જેનાં થકી વધુ અથવા ઓછો પ્રકાશ આંખના પડદા સુધી પહોંચી શકે. કેમેરામાં જેમ રોલ (ફિલ્મ) હોય, જેનાં પર પ્રતિબિંબ પડી શકે તેમ આંખોમાં રેટીના (પડદો) હોય છે, જેના પર પ્રતિબિંબ પડી છે. એક વખત કેમેરામાં ફોટો પાડયા પછી રોલને ડેવલપ કરી, પ્રિંટીગ કરવું પડે છે તેજ રીતે આંખના રેટીના પર જે પ્રતિબિંબ પડે તેને ડેવલપ કરવાનું અને નિહાળવાનું કામ મગજ કરે છે. આંખની રેટીનાનાં તાતણા ભેગા થઈ ઓપ્ટિક નર્વ બને છે. આ ઓપ્ટિક નર્વ દ્વારા રેટીના પર પડેલાં પ્રતિબિંબ મગજમાં પહોંચે છે, જ્યાં બન્ને આંખમાંથી આવતા પ્રતિબિંબ એકબીજાની સાથે મળે છે, જેનાથી ડાઈમેન્શનલ ઈમેજ ઊભી કરી શકાય છે.

**એક ખુશ ખબર :** થોડા સમય પહેલાં, ત્રીસ વર્ષીય અંધજન શ્રી આશીષ ગોયલને રાષ્ટ્રપતિ અવોર્ડ મળ્યો. આ એવોર્ડ શારીરિક ખોડ હોવા છતા અસામાન્ય સિદ્ધી મેળવનાર વ્યક્તિને આપવામાં આવે છે. આશીષ વિશ્વ પ્રસિદ્ધ વાર્ટન બિઝનેસ સ્કુલનો પ્રથમ અંધ વિદ્યાર્થી છે, વિશ્વનોં પહેલાં આંતરાષ્ટ્રીય સંઘ વ્યાપારી છે, એક સારો ડ્રમ પ્લેયર છે, અને લંડનની પ્રખ્યાત જે. પી. મોર્ગન કુંમાં પોર્ટ ફોલીયો મેનેજર નું કામ કરે છે.

વો વક્ત વો લમ્હે અજીબ હોતે,

કાશ..... દુનિયામેં મેં સબ ઈતને ખુશનસીબ હોતે.<br>
દુર સે જબ દેખતે હૈ હમ ઈન્કો, સોચતે હૈં,...<br>
ક્યા હાલ હોતા જો હમ નેત્રહીન હોતે.

નેત્રદાન કરો અને કરાવો મુંબઈમાં ચક્ષુદાન કરવા માટે નં. ૧૯૧૯ ડાયલ કરો.

- મનિષ ડાઘા

## જ્ઞાતિ પ્રવાહ - 'વિચાર એક ઉકેલ અનેક' : યુવા એક્સચેંજ અંગે કોઈમ્બતુર મહાજનના વિચાર

શ્રી તિલકચંદભાઇ લોડાયા ચેન્નઈના માર્ગદર્શન હેઠળ શ્રી ક.દ.ઓ. જૈન સંઘ ચેન્નઈ તથા શ્રી મુંબઈ મહાજનના સથવારે જ્ઞાતિમાં સમયની માંગને લક્ષમાં રાખી યુથ એમ્બેસેડર એક્સચેન્જ પ્રોગ્રામનું સુંદર નિયોજન બધ્ધ કાર્યક્રમ ઘડવા માટે જે કાર્યકર્તાઓએ વિશેષ ભાગ ભજવેલ છે તે સર્વેને ખૂબ અભિનંદન. આ આયોજનનો પ્રતિભાવ ખૂબ હકારાત્મક મળ્યો છે.

જ્ઞાતિના શિક્ષિત યુવાઓએ પણ એમાં સુંદર સાથ પૂરાવી જ્ઞાતિના આ આયોજનને આવકારેલ છે. જ્ઞાતિના સંસ્કારોની કેળવણી બાબત જે ઘણા સમયથી ચિંતિત પ્રશ્નોના ઉકેલ મળેલ તેમજ શિક્ષિત યુવાન વર્ગને જ્ઞાતિના આયોજનોમાં વધુમાં વધુ જોડાવા પ્રેરણારૂપ રહી છે.

# TEEN TWINKLE

Compilations And Contributions by

Mrs. Neelam Dalesh Momaya M/s. Damji Bhimji Co, Station Road, Chalisgaon – 424101, Jalgaon District.

**Interesting Anecdotes**

The train had started moving. It was packed with working men, women and college students. A middle aged man was sitting near the window with his 20 year old son. As the train moved on, the son overwhelmed with the magnificent scenery almost screamed and said, 'see Dad, the scenery of lush green trees moving away is a feast to watch. It is simply breath taking.'

He went on repeating again and again. At first the passengers got amused but soon got irritated with his childish batter. A newly married man whispered to his wife, 'This boy appears to be a case fit for the mental asylum.'

Suddenly it raining. The drops fell on the passengers through the window. Again the twenty year old son excitingly exclaimed, 'See dad, how enchantingly beautiful the rain appears to be. The splashing of water is a feast to watch.' The newly wed husband got irritated, when the rain drops started spoiling his wife's new sari. He could not contain himself and angrily said, ' can't you see it is raining?'. He told the father, 'If your son is out of his mind, take him to a mental hospital and do not disturb the passengers with his childish behavior.

The father replied in a hesitating voice, "Dear friend, my son and I are returning from the hospital. He was discharged this morning. He was blind from birth, last week only he got his vision. The rains and nature are new to his eyes. Forgive him for his exuberance." The husband apologized and asked for forgiven.

The things we see may be right from our perceptive until we know the truth. But when we know the truth, we will regret our reaction. Let us therefore temper our judgment with discretion and remain calm and composed under any circumstances. This will save us from heart burn and avoid unpleasant situations.

**Proverbs are lamps to life:** Each expression will leave an impression.

How people treat us in their karma. How we react is our karma.

Newer look down on anybody unless we are helping them up.

**Amazing facts:**

The human body contains enough potassium to fire a toy cannon.

*Pearls melt in wine.

*Minnows have teeth in their throat.

**Amazing Figures:**

- Peanuts'a comic strip created by Charles Schulz appears today in 1000 American newspapers with a readership of 90, 000, 000. The comic strip with its famous character, Charlie Brown is based on the reaction of a group of youngsters to the disappointments of modern life.

- Though women have longer hair than men, the world record for the longest hair is held by a man. He was Swami Panarasnndhi from Tamilnadu who in 1949 was reported as having hair 26 feet long.

- Every human being in the course of his lifetime speaks for 2 Y, years. If all the speeches where to be put on paper, it will take 1000 volumes of 400 pages each.

- Have you noticed

- When the other fellow dresses well, he is putting on airs; when you do, it is simply a duty you owe to your position.

- When the other fellow spends his money, he is a spendthrift, when you do you are being generous.

- When the other person is mild in his manners, he is playing politics, when you are, you are gracious.

- When the other fellow says what he thinks; he is spiteful when you do, you are frank.

- When the other person is set in his ways he is obstinate; when you are, it is firmness.

- When the other fellow treats someone well, he is crawling, when you use the same tactics you are using tact ....

Reg. No. E-641-(DWR) dt. 24-3-90 ☎ : (08372) 236308

# શ્રીમતી મણીબાઈ કાંતીલાલ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ, ગદગ

9448138780 - Sha Lalji Manekji
9341319295 - Sha Harish Munvar

સંચાલિત - ‘‘જીવન-સંધ્યા’’

9448186222 - Sha Dineshchand Kuverji
9448165256 - Sha Veerendra Padamshi

## તા. ૧-૩-૨૦૧૪ થી ૩૧-૭-૨૦૧૪ સુધી આવેલ ફાળાઓ

### નવી વીંગમાં એક રૂમના દાતા - ૧,૫૧,૦૦૦/-

- શ્રી દામજીભાઈ (ગુલાબ) નથુભાઈ દંડ, મંજલરેલડીયા (મુંબઈ) હ. વિહાન પ્રતિક દંડ, હીરાચંદ દામજી દંડ
- પૂજ્ય માતુશ્રી કેશરીબાઈ ટોકરસી કાનજી વીરજી લોડાયા, વારાપધર (ડોંબીવલી) ની સ્મૃતિમાં હ. શા. શીવજીભાઈ ટોકરશી
- પૂજ્ય માતુશ્રી લક્ષ્મીબેન લાલજી જેતશી મૈશેરી (લાડણ માસ્તર) નલિયાવાલાની સ્મૃતિમાં તેમની દિકરી સ્વ.સૌ.વિમલાબેન તથા જમાઈ શા શીવજી ટોકરશી કાનજી લોડાયા (ડોંબિવલી)

### નિભાવ ફંડ

- ૧૦૮૦૦/- શ્રી મણીલાલ ઠાકરશી ગોગરી, પત્રી (હુબલી)
- ૧૦૮૦૦/- શ્રી મયંક ગોવિંદજી મોમાયા, નલીયા (મુંબઈ)
- ૫૦૦૦/- લક્ષ્મીબાઈ દામજી શામજી પોલડીયા, ગોએરસમા (ફિરૂપૂર)
- ૫૦૦૦/- ચંદ્રિકાબેન મુકેશ ધુલ્લા, રાપરગઢવારી (કોચીન)
- ૪૦૦૦/- રમીલાબેન યશવંતભાઈ પારેખ, યશવંતભાઈની સ્મૃતિમાં
- ૧૫૦૦/- શ્રી પ્રદીપ પદમશી લાપસીયા, કોઠારા (મુલુંડ)
- ૧૧૦૦/- માતુશ્રી દેવકાબેન કુંવરજી લોડાયા, કોઠારા (ઘાટકોપર)
- ૧૦૦૨/- શ્રી પ્રદિપ પદમશી લાપસીયા, કોઠારા (મુલુંડ)
- ૧૦૦૦/- માતુશ્રી મુલબાઈ દનાભાઈ ગડા, બાડા (મુંબઈ)
- ૧૦૦૦/- શ્રી લાલજી માણેકજી લોડાયા, કોઠારા (ગદગ)
- ૧૦૦૦/- શ્રી હરિશભાઈ શીવલાલ મુનવર, જખૌ (ગદગ)
- ૧૦૦૦/- શ્રી પ્રદીપ પદમશી લાપસીયા, કોઠારા (મુલુંડ)

### કાયમી સવારનો ચા-નાસ્તો, બપોરનું મિષ્ટાન ભોજન, બપોરની ચા, સાંજનું ભોજન - ૧૯૫૦૦/-

- માતુશ્રી કાન્તાબેન જવેરચંદ લાલકા, વારાપધર (મુંબઈ)
- શ્રીમતી પ્રવિણા હર્ષદ લાલકા, વારાપધર (મુંબઈ)
- શ્રી હર્ષદ જવેરચંદ લાલકા, વારાપધર (મુંબઈ)
- માતુશ્રી ગંગાબાઈ લીલાધર મોમાયા, સાંયરા (માટુંગા) હ. શ્રી વીજય લીલાધર મોમાયા, સાંયરા (માટુંગા)
- શુભેચ્છક (મુલુંડ) હ. શ્રી વીરેન્દ્ર પદમશી લોડાયા ગદગ

### કાયમી મિષ્ટાન ભોજન - ૧૦,૦૦૧/-

- શુભેચ્છક (પુના) હ. શ્રી ચંદ્રકાન્ત લાલજી લોડાયા, ગદગ

### કાયમી મિષ્ટાન ભોજન - ૧૦,૦૦૧/-

- શ્રી દેવજી રામજી પટેલ (નાગડા) સાંધાણ (મુંબઈ)
- જમકુબેન હેમચંદ ધરમશી, સુથરી (અમદાવાદ) લગ્નની વર્ષગાંઠ
- શ્રીમતી કમલાદેવી હીરાચંદજી મિશ્રીમલજી બાફના, ગદગ

### કાયમી સવારનો ચા- નાસ્તો - ૩૦૦૧/-

- હેમલતા પરેશ લોડાયા, નલીયા (ઘાટકોપર), ધીરેશ પરેશપતિ લોડાયાની સ્મૃતિમાં
- શ્રી વીરેન્દ્ર ઉત્તમચંદ મેપાણી, પરજાઉ (મુલુંડ) હ. રાજેશ છેડા

### કાયમી બપોરની ચાય - ૧૫૦૧/-

- નિર્મલાબેન વસંતભાઈ લાપસીઆ (રવા)વસંત લક્ષ્મીચંદની સ્મૃતિ માં
- શ્રી મહાવીર મહિલા મંડલ, ગદગ
- ચિ. રિધ્ધીસ શીરીષ લોડાયા, રવા (ઘાટકોપર)

### એક ટંક મિષ્ટાન્ન ભોજન આશ્રમવાસીઓ સાથે-૧૫૦૧/-

- શ્રી મુલચંદ ભવાનજી મોમાયા, નલીયા (ડોંબીવલી) હ. કિશોર રાયમલ નાગડા
- માતુશ્રી કમલબાઈ કલયાણજી ધરમશી, નલીયા, શ્રીમતી ઉષાબેનની સ્મૃતિમાં
- શ્રી કિશોર રાયમલ નાગડા, નલીયા (ગદગ) ચિ.રોહિતના જન્મદિવસ પ્રસંગે
- માતુશ્રી જયવંતીબેન રતીલાલ મોતા, હ. ભાવેશભાઈ વીપીનભાઈ તેરા (ગદગ)
- મધુરીબેન નવિનચંદ્ર સોનાવાલા, નલીયા (બેંગલોર) જન્મદિવસ પ્રસંગે
- શ્રી સુંદરજી દેવજી ગોસર, શેરડી (ગદગ) ગુણવંતીબેનની પુણ્ય સ્મૃતિમાં
- ગંગાબાઈ લહેરચંદ પટેલ બાંઢીયા (ગદગ) હ. પારસભાઈ લહેરચંદ પટેલ
- માતુશ્રી કુંવરબાઈ ઊમરશી છેડા, સુથરી (મુંબઈ)
- તરલાબેન કાન્તીલાલ નાગડા,સુથરી(ગદગ) ચિ.શાહિલ ધુલ્લા નો જન્મ દિવસ
- શ્રી કિશોર રાયમલ નાગડા નલીયા (ગદગ) પુષ્પાબેન-કિશોરભાઈ ની લગ્ન તિથિ
- ભક્તિબેન અતુલ લાલકા (ગદગ) અલકા, સોનબાઈ, સોમચંદભાઈની સ્મૃતિમાં
- હંસાબેન હીરાચંદ મૈશેરી, નાની સીંધોડી (રાયપુર) હંસાબેનની સ્મૃતિમાં
- મિનલ ધીરેશ ધરમશી, સુથરી (મુંબઈ) મિતલની સ્મૃતિમાં

કોઈ એક વ્યક્તિ રૂ. બે લાખ ભરી પુરો રૂમ કાયમી ધોરણે અથવા પ્રવેશ ફી રૂ.૧૦,૦૦૦/- તથા દર મહિને રૂ. ૨,૫૦૦/- ભરી પોતાના વસવાટ માટે ઉપયોગમાં લઈ શકે છે.

કોઈપણ યાદગાર પ્રસંગે સંસ્થાના વડીલોને યાદ કરી ઉદાર દિલે ફાળો નોંધાવી માનવ સેવાના આ વિશાળ કાર્યમાં સાથ આપવા વિનંતી

**આ ટ્રસ્ટને અપાતું દાન I.T. ACT 1961/U/S 80 G હેઠળ કરમુક્તિને પાત્ર છે**

શ્રીમતી મણીબાઈ કાંતિલાલ શાહ (મૈશેરી) ચેરીટેબલ ટ્રસ્ટ-ગદગ
HDFC બેંક - SB A/c No. 17621450000018, RTGS/NEFT/IFSC Code HDFC 0001762
CANARA - SB A/c No. 0511101019459, Bank IFSC Code CNRB0000511

મુંબઈ સંપર્ક : શ્રી કુલીનકાંત ચાંપશી લુઠીયા - 098200 39469
શ્રી રાયચંદ હંશરાજ ધરમશી - 098200 84867

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## શ્રી ક.દ.ઓ.મંડળ ડોંબિવલીનો સાંસ્કૃતિક કાર્યક્રમ

શ્રી ક.દ.ઓ.મંડળ ડોંબિવલી દ્વારા સાંસ્કૃતિક હરિફાઇ તા. ૧૩ જુલાઇ ૨૦૧૪ અને તા.૨૦ જુલાઇ ૨૦૧૪ એમ બે દિવસ કે.બી.વીરા હાઇસ્કુલ ડોંબિવલી (પૂર્વ)માં રાખવામાં આવી હતી.

કાર્યક્રમનું ઉદ્‌ઘાટન પ્રથમ રવિવાર તા.૧૩.૦૭.૧૪ના મંડળના પ્રમુખ રાયચંદભાઇ જીવાણી, ઉપપ્રમુખ અજય શિયાડ, માનદમંત્રી હરીશ શિયાલ, સાંસ્કૃતિક સમિતિ ચેરમેન ઉર્મિલા લાલકા, મુકેશ લોડાયા તથા રતિલાલ મોમાયા, ચાપાણી અલ્પહારના દાતાશ્રી પ્રાચી પ્રફુલ નાગડા તથા ભવ્ય મૌલિક લાપસિયાના હસ્તે શ્રી મહાકાળી માતાજીની તથા સરસ્વતી માતાજીની છબીને હારારોપણ કરી ચુંદડી ઓઢાડી દીપ પ્રજ્વલ્લન કરી કરવામાં આવ્યું.

પ્રથમ દિવસે નિબંધ, સ્મૃતિ, ગહુંલી, સાથિયા, મહેંદી, વેશભૂષા અને વનમિનિટ સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. જ્ઞાતિજનોમાં બાળકોથી વડીલ વર્ગના દરેકે ગ્રુપ પ્રમાણે હરિફાઇમાં ભાગ લીધો હતો.

આ દિવસે અલ્પહારોના દાતા શ્રી પ્રાચી પ્રફુલ્લ નાગડા વારાપધર હતા. આ દિવસે નિર્ણાયક તરીકે શ્રીમતી જસ્મિન ખોના (મહેંદી), શ્રીમતી જસ્મિન છેડા (ગહુંલી), શ્રીમતી કલ્પના મિસ્ત્રી (નિબંધ લેખન તથા વેશભૂષા) માટે પધાર્યા હતા. મંડળે તેમનું પુષ્પગુચ્છ તથા ગીફ્ટ આપીને બહુમાન કર્યુ હતું. નિર્ણાયકને આપવામાં આવેલ ગીફ્ટના દાતાશ્રી પ્રફુલ્લભાઇ નાગડા (વારાપધર) હતા.

બીજા રવિવારે સુંદર લેખન, વેસ્ટમાંથી બેસ્ટ, વક્તૃત્વ સ્પર્ધા, ધાર્મિક અંતાક્ષરી, પ્રશ્નમંચ, ચિત્રકલા તથા દેશી ભરતકામ જેવી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દિવસે પણ જ્ઞાતિજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં અને રસપૂર્વક દરેક હરિફાઇમાં ભાગ લીધો હતો. આ દિવસે અલ્પાહારના દાતાશ્રી કુમાર ભવ્ય મૌલીક લાપસિયા (કોઠારા) હતા.

જ્ઞાતિજનોના બાળકોએ તથા તેમના માતા-પિતાએ વેસ્ટમાંથી બેસ્ટ વસ્તુ બનાવી પોતાની કલાનું પ્રદર્શન કર્યુ હતું. નિર્ણાયકોએ આપણાં જ્ઞાતિજનોએ બનાવેલી વસ્તુ જેવી કે કંડીલ, ઝુંમ્મર, લાઈટીંગ, ગાડી, ફોટોફ્રેમ, ફલાવર વાઝ, ગ્રીટીંગ કાર્ડ વગેરેની ખૂબ પ્રશંસા કરી હતી.

નિર્ણાયક તરીકે હીના કુરિયા (વેસ્ટમાંથી બેસ્ટ) કિલ્લોલી ભાવેન શાહ (સુંદર લેખન), રીટાબેન રામેકર (વક્તૃત્વ સ્પર્ધા) માટે પધાર્યા હતા. મંડળના પ્રતિનિધિઓ દ્વારા ગીફ્ટ આપીને તેમનું સન્માન કરવામાં અવ્યું હતું.

બાળવર્ગથી ગ્રુપ ઈ સુધીના દરેક સ્પર્ધામાં પ્રથમ/દ્વિતિય ક્રમાંકે આવેલા, વિજેતા જ્ઞાતિજનોનું મંડળના ભુતપૂર્વ પદાધિકારીઓ તેમજ મહાનુભવોના હસ્તે ઈનામ વિતરણ દ્વારા અભિવાદન કરવામાં આવ્યું.

સાંસ્કૃતિક સમિતિના ચેરમેન ઉર્મિલા લાલકાના નેતૃત્વમાં કવિતાબેન ખોના, કોકીલાબેન શિયાડ, ભક્તિ સાંયા, ચેતન નાગડા, બીના મૈશેરી, ઉર્વિ મૈશેરી, રિધ્ધેશ છેડા, પ્રગ્નેશ નાગડા, સંજય નાગડા, વિનીત ધરમશી, કિરણ જીવાણી, પૂજા જીવાણી, કસ્તુરીબેન શિયાડ,


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

Asia's First ISO 9001:2000 Certified Gin Press

નિશા શિયાળ, દેવેન્દ્ર ધરમશી, વિજય મોતા, મનિષ લોડાયા, ભાવિની નાગડાએ બન્ને દિવસના કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી

## શ્રી પ્રગતિ મહિલા મંડળ મોટી સિંધોડી

મોટી સિંધોડી શ્રી પ્રગતિ મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી જ્યોત્સનાબેન લહેરચંદ મૈશેરીના નેતૃત્વમાં મહિલા મંડળની એક દિવસીય પિકનિક સાંગ્રીલા રિસોર્ટ ખાતે યોજાઇ હતી.

આ કાર્યક્રમમાં જોડાયેલ સર્વે સભ્યોને ડોંબિવલી મંડળના પ્રમુખ શ્રી રાયચંદભાઇ દેવશી જીવાણી તરફથી આઇસ્ક્રીમ તથા શ્રી રતીલાલ શામજી મોમાયા તરફથી ગોલાની મીજબાની મળી હતી. નાસ્તા ચાની લહેજત લઈ સર્વે મેમ્બરોએ વિવિધ સ્લાઈડ સહિત સ્વીમીંગ પુલમાં ભરપૂર મજા લીધેલ. બપોરના જમણ બાદ એમ્યુઝમેન્ટ પાર્કમાં વિવિધ સ્લાઈડની સૌએ મજા લીધી. બપોરે ચા તથા સાંજના પાઉં-ભાજી હતી.

## શ્રી અચલગચ્છ જૈન ટ્રસ્ટ કોઈમ્બતુર

શ્રી અચલગચ્છ જૈન ટ્રસ્ટ કોઈમ્બતુરના શ્રી મુનિસુવ્રત સ્વામી જિનાલયની બારમી વર્ષગાંઠ તા. ૧૮.૮.૧૪ મંગળવારને શ્રાવણ વદ નોમના ઉજવાઈ. આ પ્રસંગે પ્રભુજીના અઢાર અભિષેકનો કરાવવા અત્રેના સ્થાનિક શ્રી બીપીન ગુરુજી પધારેલ તથા સંગીતકાર બેંગ્લોરથી પધારેલ.

મહોત્સવ દરમ્યાન નીચે મુજબના આદેશો સંઘ પરિવારોએ લીધેલ : ભગવાનને અર્ક અર્પણ કરવાનું - શ્રીમતી લીલાવંતીબેન નવિનચંદ્ર લોડાયા - ૫૦૧ મણ, ઈન્દ્રમહારાજાને અર્ક અર્પણ કરવાનું - શ્રીમતી લીલાવંતીબેન નવિનચંદ્ર લોડાયા - ૫૦૧ મણ, ભગવાનને ચંદ્ર દર્શન કરાવવાનું - શ્રીમતી સરલાબેન રતિલાલ લોડાયા ૫૦૧ મણ, ભગવાનને સુર્ય દર્શન કરાવવાનું - શ્રી સુરેશભાઈ મણિલાલ મૈશૈરી - ૫૦૧ મણ, અષ્ટપ્રકારી પુજા - શ્રીમતી લીલાવંતી બેન નવિનચંદ્ર લોડાયા - ૧૧૧૧ મણ, પ્રભુજીની આરતી - શ્રીમતી કલ્પનાબેન કિર્તીભાઈ મોમાયા - ૧૦૦૧ મણ, પ્રભુજીનો મંગલદીવો - શ્રીમતી ધનલક્ષ્મીબેન દિનેશભાઈ લોડાયા - ૫૦૧ મણ, શાંતિકળશ - શ્રીમતી વેજબાઈ ગોવિંદજી નાગડા - ૨૭૨૭ મણ.

મહાજન તરફથી વિધિકારક તથા સંગીતકારનું બહુમાન કરવામાં આવેલ. શ્રી સંઘ તરફથી સ્વામીવાત્સલ્યનું આયોજન કરવામાં આવેલ. રાત્રે પ્રભુ ભક્તિ રાખવામાં આવેલ.

## મોટી સિંધોડી - ચૈત્ય પરિપાટી

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - ટ્રસ્ટ, મોટી સિંધોડી ના ઉપક્રમે અને શ્રી પ્રગતિ મહીલા મંડળ તથા શ્રી નેમ યુથ ફોરમના સાંથે પર્યુષણ પર્વ બાદ મુંબઈ સ્થિત પુજ્ય ગુરૂ ભગવંતોના દર્શન અર્થે ચૈત્ય પરિપાટીનું આયોજન કરેલ છે. સ્થળ : મસ્જિદબંદર, માટુંગા, ખાર, મુલુંડ, પાયધુની, ઘાટકોપર

અંદાજે, આ કાર્યક્રમનાં ખર્ચને પહોંચી વળવા દાતાઓ આવકાર્ય છે.

ઈચ્છુકોએ સર્વે જણોને મહાજનના માનદ મંત્રીઓ શ્રી હેમાંગભાઈ લાલજી લોડાયા - ૯૯૨૦૬૪૬૮૪૬ અથવા શ્રીમતી જ્યોત્સનાબેન લહેરચંદ મૈશેરી - ૯૮૨૦૫૨૯૫૫૫ પાસે તારીખ ૩૦.૮.૧૪ સુધી રૂા. ૧૦૦ ભરી નામ વહેલા તે પહેલાના ધોરણે લખાવવા. સ્થળ તથા ખર્ચની વધુ વિગત ફોનથી જાણી લેવી.

## વરંડી મોટી સ્થાનિકે ધજાત્હોત્સવ

શ્રી ભલારા દાદા તથા કુળદેવી શ્રી સચ્ચાઈ માતાજી તેમજ ક્ષેત્રપાળ દાદા - મોટી વરંડી સ્થાનકે ધ્વજા મહોત્સવ તા. ૨૭.૧૧.૨૦૧૪ને ગુરૂવાર રોજ વિજય મુહુર્તે ઉજવાશે. શિખરની ધ્વજા ના લાભાર્થી પરિવાર માતુશ્રી નેહાબાઈ હીરજી લોડાયા (ગંજલ) હાલે ડોંબિવલી હાલે કેશવજી પીર (બાયઠ) હાલે મુલુંડ પરિવાર ના




**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**

**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.



**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

સભ્યો દ્વારા ચડાવવામાં આવશે.

ભાવિકો કચ્છ એક્સપ્રેસ ટ્રેન દ્વારા તા. ૨૫.૧૧.૧૪ ને મંગળવારે રવાના થશે. પધારનાર ભાવિકો અગાઉથી નામ નોંધાવે જેથી સ્થાનકે વ્યવસ્થા કરવામાં સુગમતા રહેશે.

સંપર્ક : મણિલાલ ડી શાહ - 9322276296, રમેશ હીરજી લોડાયા - 9892003940, અનિલ ડી. લોડાયા - 9899511685.

## શ્રી પદમમુક્તિ વાત્સલય નિધીટ્રસ્ટ (ચાલીસગામ)

પ. પૂ. જયલક્ષ્મી મ.સા.ના પ્રેરણાથી પ.પૂ. જયદર્શીતાશ્રીજી મ.સા.ના. આશિર્વાદ અને માર્ગદર્શને ટ્રસ્ટ દ્વારા દર બુધવારના ગરીબોને ભોજન કરાવવામાં આવે છે.

કાયમીભોજન કરાવનાર દાતા : ભાનુબેન મણીલાલ ધુલ્લા (મુલુંડ), શ્રીમતી ગંગાબાઈ નરશી દંડ (મલકાપુર), કુંવરબાઈ દામજી ભારમલ નાગડા (લોનાવાલા), માતુશ્રી ધનબાઈ કેશવજી લોડાયા (ડોંબિવલી), તારાબેન મેઘજી ભાણજી પોલડીયા (નાગપુર), ચંદનબેન મોતીચંદ ધરમશી (હુબલી), નમિતા જીનેશ પાલાણી (મુંબઈ), ભુપેશ હરિશ માલદે (શિરસી).

એક દિવસ માટે ભોજન કરાવનારા દાતાઃ પ્રેમચંદ દામજી નાગડા (ડોંબિવલી), યશ અખિલ વિનોદ મોમાયા (વરાડીયા), બિપીન કેશવજી લોડાયા (દાવનગિરિ).

આ જમણ ચાલીસગામમાં બુધવારના તથા પાચોરામાં શનિવારે આપવામાં આવે છે. ચાલીસગામમાં મતિમંદ વિદ્યાલયમાં ભોજન પણ આપવામાં આવે છે.

## શ્રી કચ્છ જન સંપર્ક ચેરીટ્રસ્ટ, આદીપુર દ્વારા સ્કુલકિટનું વિતરણ

શ્રી અખિલ કચ્છ જન સંપર્ક ચેરીટેબલ ટ્રસ્ટ, આદિપુર દ્વારા તા. ૧૫ મી ઓગસ્ટ ના ૬૮ માં સ્વતંત્ર્ય પર્વ નિમિતે ટ્રસ્ટના નેજા હેઠળ મુન્દ્રા તાલુકાના વાંકી ગામની પંચાયતી પ્રાથમિક શાળાના ૨૮૫ વિદ્યાર્થીઓને સ્કુલ કીટનું વિતરણ કરવામાં આવેલ.

શાળાના પટાંગણમાં આયોજીત ધ્વજવંદન કાર્યક્રમમાં ટ્રસ્ટના પ્રમુખશ્રી પ્રદીપભાઈ આણંદજી ખોનાના હસ્તે શાળાના બાળકોને સ્કુલકિટ જેમાં સ્કુલ બેગ, નોટબુક આર્ટસેટ, બોલપેન ક્લે, એક્ઝામ પેડ વિગેરે સહિતની કીટનું વિતરણ કરવામાં આવેલ હતું. આ પ્રસંગે વાંકી ગામના મહાનુભાવો ઉપસ્થિત હતા.

## કોઠારા ગામે ચાર્તુમાસ પ્રવેશ

કોઠારા ગામે પૂ.સા.શ્રીકિર્તીષેણાશ્રીજી મ.સા.પૂ.સા.શ્રીઆનંદ કિરણાશ્રીજી મ.સા.આદિઠાણા ૨નો વાજતે-ગાજતે ચાર્તુમાસ પ્રવેશ થયો હતો. આ પ્રસંગે કોઠારા ગામ વાસીઓ અને આજુ-બાજુનાં ગામડાઓનાં ભાવિકો વિશાળ સંખ્યામાં સામૈયામાં જોડાયા હતાં. પ્રવેશ પ્રસંગે પ્રભાવના સોનબાઇ ચત્રભોજ નાગડા હસ્તે મયુર નાગડા, સવારે નવકારશીજયાબેન ટોકરશી લોડાય, બપોરે સ્વામિવાત્સલ્ય માતુશ્રી કાન્તાબાઇ ગોવિંદજી અજાણી પરિવારો દ્વારા યોજાયું હતું.

જિનાલય પ્રભુ દર્શન, ચૈત્યવંદન બાદ પચજ્યશ્રીઓ એ ઉપાશ્રયે પ્રવેશ કરી માંગલિક શ્રવણ કરાવ્યું હતું. સ્વાગતગીત તોરલબેન શાહનંદે રજુ કર્યુ હતું. રાયચંદભાઇ લોડાયાએ સ્વાગતપ્રવચન કરી આવકાર આપ્યો.

સુત્ર ધર્મબિંદુ વહોરાવવાનાં ચડાવવાનો લાભ જયાબેન ટોકરશી લોડાયા પરિવારે જયારે ચરિત્ર સમરાદિત્ય વહોરાવવાનો લાભ લાલજી શામજી અજાણી પરિવારે લીધો હતો. કાર્યક્રમનું સંચાલન પ્રબોધ મુનવરે ને આભાર દર્શન દિનેશ અજાણીએ કરેલ.

લહેરચંદ લોડાયા, રાયચંદ લોડાયા, વીરચંદ ધરમશી, અનીલ મોતા, દીનેશ અજાણી, હરીશ મુનવર, ધનપતિ લોડાયા, દિનેશ મોતાએ જહેમત લીધી હતી.

શુભેચ્છાસહ.....
શીતલ કોટન ટ્રેડર્સ
શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવાર
(રંગપુર-કોઇમ્બતુર)

શુભેચ્છાઓ સહ...
સાંધવ રત્ન
શ્રી મુળજી રાઘવજી લોડાયા
MRL Group of Companies

## નવા/બદલાયેલા સરનામા– (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **કમલ મહેન્દ્ર લોડાયા** | ૫, એકવીરા સદન, (ન્યુ નલીની કોટેજ) એન.એસ.રોડ, એક્સ દુકાનની બાજુમાં, મુલુંડ (પ) મુંબઇ ૪૦૦ ૦૮૦ |
| **નવીન વિસનજી દંડ** | ક્યુ/ ૩૦૨, વંદેમાતરમ્ સિટી, ચંદલોડીયા, ન્યુ એસ.જી.રોડ, ગોટા, અમદાવાદ-૩૮૨૪૮૧ |
| **સોમચંદ પ્રેમજી ગોસર** | એફ/૫૦૧, ૧૨એ, સોમન ટાવર, મીઠાલાલ જૈન બંગલોની સામે, ન્યુ ગોલ્ડન નેસ્ટ, ભાયંદર (પૂ) થાણા - ૪૦૧૧૦૫ |
| **જયંત લક્ષ્મીચંદ નાગડા** | બિલ્ડીંગ નં ૩, રૂમ નં ૬૦૧, બાલાજી ગાર્ડન કોમપ્લેક્સ, કોપર રેલ્વે સ્ટેશનની નજીક, આયરે ગાંવ, ડોંબોવલી (પૂ) |
| **ભારતીબેન દામજી મૈશેરી** | ૪૦૩, ઓમ શિવ શક્તિ પાર્ક, તિલક નગર, ડૉ આર.પી.રોડ, ડોંબિવલી (પૂ) ૪૨૧૨૦૧ |
| **આનિશ ચાંપશી મોમાયા(શાહ)** | બી-૭, વૃદાંવન ટાઉનશીપ, હરણી રોડ, વડોદરા - ૩૯૦૦૦૬ |
| **પંકજ કે. પાસદ** | સાઈ-સદન, બિલ્ડીંગ નં-૫, બ્લોક નં-૫, ૧લેમાળે, ડીએનસી રોડ, ડાંબિવલી (પૂ) ૪૨૧૨૦૧ |
| **કાંતિલાલ વેલજી લોડાયા** | ૫૭, શાવાનિ અપાર્ટમેન્ટ, એમ.જી.રોડ, વુડ સ્ટોકરેસ્ટરોર્ન્ટની સામે, ૧૦ મે માળે, ઘાટકોપર (પૂ) મુંબઇ - ૪૦૦ ૦૭૭ |
| **કુણાલ ખોના** (અંક નં૩૩માં ભુલસુધાર) | બી-૧૧૦૧, પ્રથમેશ વ્યુ રેસીડેન્સી, સીએટ ટાયરની સામે, ભાડુંપ વિલેજ રોડ, નાહુર (પ) મુંબઇ - ૪૦૦ ૦૮૦ |

## નવા/બદલાયેલા ફોન નંબર

| | | |
|---|---|---|
| **આનિશ ચાંપશી મોમાયા(શાહ)** | **09687689383 નીતા મોમાયા(શાહ)** | **09586657303** |
| **ભૂમિ મોમાયા(શાહ)** | **09925990855** | |

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતિ અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨.૦૬.૧૪ | ઘાટકોપર | યુગ-કિંજલ/ભાવિન શશીકાંત ખોના | સાંયરા | પુત્ર |
| ૨૦.૦૬.૧૪ | ડોંબિવલી | દિવિશા-દિતિ/વિરેન રતીલાલ મોમાયા | વરાડીયા | પુત્રી |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૩૧.૦૭.૧૪ | ભરૂચ | સૌરભ રમેશ મણિલાલ નાગડા | નલીયા | ૨૯ |
| | હુબલી | મયુરી મુલચંદ પ્રેમચંદ ખોના | મોટી ખાવડી | ૨૪ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૫.૦૮.૧૪ | ડોંબિવલી | ચિરાગ પંકજ કુંવરજી મોતા | નલીયા | ૨૬ |
| | ચાલીસગામ | પ્રેક્ષા જીતેન્દ્ર શિવજી લોડાયા(રતાણી) | તેરા | ૨૫ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૪.૦૮.૧૪ | ડોંબિવલી | મુલજી ગોંવિદજી લીલાધર છેડા | નલીયા | ૭૬ |
| ૧૬.૦૮.૧૪ | મહાલક્ષ્મી | શિવજી નરશી લધાભાઇ પોલડિયા | બાયઠ | ૮૪ |
| ૧૯.૦૮.૧૪ | ભાડુંપ | ચંદનબાઇ પદમશી જીવરાજ મોતા | નલીયા | ૭૮ |
| ૨૧.૦૮.૧૪ | મલાડ | ચંદ્રકાંત આણંદજી પાસવીર નાગડા | જખૌ | ૭૧ |

## નાગડા પરિવારનું ગૌરવ



### ઉત્તમ રાઘવજી નાગડા

(અંકલેશ્વર - કોઠારા) મો. 09898268285

આપ જૈન સોશ્યલ ગ્રુપ્સ ઈન્ટરનેશનલ ફેડરેશન (JSGIF)
ગુજરાત રીજીયનના વર્ષ ૨૦૧૪ - ૧૫ માટે

## રીજીયન ચેરમેન

પદે, વરણી પામ્યા છો,
આપ ગુજરાતના ૪૫ ગ્રુપ્સના મોવડી થનાર
કદાચ પ્રથમ કે.ડી.ઓ. હશો,
અમે સૌ પરિવારજનો અને કે.ડી.ઓ. સમુદાય
અત્યંત ગૌરવની લાગણી
અનુભવી રહ્યા છીએ,
આ ઉપરાંત આપશ્રી

**વાઈસ પ્રેસિડેન્ટ :**
મીલજીન મરચન્ટ એસોસીએશન, અંકલેશ્વર
**વાઈસ પ્રેસિડેન્ટ :**
વેસ્ટર્ન રેલ્વે પ્રેસેન્જર્સ અને
પાસ હોલ્ડર એસોસીએશન
**એક્ઝીક્યુટીવ મેમ્બર :**
પશ્ચિમ, એકમ કે.ડી.ઓ
**એક્ઝીક્યુટીવ મેમ્બર :**
ભરૂચ ડીસ્ટ્રીકટ ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડ
(ગુજરાત ક્રિકેટ એસોસીએશન)
જેવી સંસ્થાઓમાં કાર્યભાર સંભાળી રહ્યા છો.
આપ ઉત્તરોત્તર પ્રગતિ કરતા રહો તેવી શુભેચ્છા

**નાગડા રાઘવજી કેશવજી પરિવાર**
(કોઠારા -અંકલેશ્વર)
**નાગડા હીરાચંદ રાઘવજી પરિવાર**
(કોઠારા - અંકલેશ્વર)

## અમારા પરિવારનું ગૌરવ



### કુ. સુપ્રિયા ચેતન ડાઘા

(વરાડીયા - મુલુંડ)

અમારી લાડલી કુ. સુપ્રિયા ચેતન ડાઘા હાલમાં લેવાયેલ બી. કોમ. ફાઈનલ પરીક્ષામાં First Class સાથે ઉત્તીર્ણ થઈ છે.

તે બદલ અમારા સહુના હાર્દિક અભિનંદન...

તારી સફળતા અમારા માટે આનંદ સાથે ગૌરવની બીના છે. તે ભણતર સાથે વિવિધ પ્રવૃતિઓ અને ખાસ કરીને ડાન્સમાં પણ નિપુણતા હાંસલ કરી છે. તથા કોરીઓગ્રાફર તરીકે પણ સફળ રહી છે. જે માટે અનેકાનેક અભિનંદન.

ભવિષ્યમાં હરેક સફળતા તારા કદમ ચૂમે અને ઉતરોતર પ્રગતિને વરે એજ અમારા અંતરના આશિર્વાદ છે.

**અમારા સહુના આશીર્વાદ સહ કહેવાનું કે....**

હર સપનોંકો અપની આંખો મેં રખના,
હર મંઝીલ કો અપની બાહોં મેં રખના,
બસ જીત આપકી હૈ,
અપને લક્ષકો અપની નિગાહોંમેં રખના...

❀ શુભાશિષ ❀

| | |
|---|---|
| માતા - પિતા | : અ. સૌ. અલ્કા ચેતન ડાઘા (વરાડીયા) |
| મોટા ભા - ભાભી | : ગં. સ્વ. દર્શના અતુલ ડાઘા (વરાડીયા) |
| નાના ભા- ભાભી | : અ. સૌ. ધારીણી દિપક ડાઘા (વરાડીયા) |
| ફુઈ - ફુઆ | : અ. સૌ. સરોજ નિતિન લોડાયા (સુથરી) |
| નાની - નાના | : અ. સૌ. ધનલક્ષ્મી પ્રતાપ પટેલ (નાગડા) સાંધાણ |
| મામી - મામા | : અ.સૌ. ચારૂલ યોગેશ પટેલ (નાગડા) સાંધાણ |

C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640
Postal Regd. No.MH/MR/East/53/2012-14 day of publication every Monday
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

## સ્મરણાંજલિ

જન્મ
તા.૪.૨.૧૯૩૦



દેહાંત
તા.૩૦.૮.૨૦૦૭

**શ્રી સનત નરપાર શાહ**
(મોટી સીંધોડી-સાયન-મુંબઇ)

**માતુશ્રી દમયંતી સનત શાહ પરિવાર**

---

બીજી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

જન્મ :
તા. ૫.૧૧.૧૯૯૨



અરિહંત શરણ :
તા. ૨૫.૮.૨૦૧૨

**સ્વ. રાજેશ ઠાકરશી ડાઘા** ગામ : વરાડીયા - આદિપુર

રાત્રી વિતી, દિવસો વિત્યા, સદા તારું 'સ્મરણ' રહે
જે પળ વિતી, કલાકો વિત્યા, 'યાદ'માં આસું અવિરત રહે,
શમણું લાગે છે, તું અમારી વચ્ચે નથી. પ્રાર્થના છે, અરિહંતને સદા તને એમનું શરણ રહે.

સહૃદયી સ્મરણાર્થી
દાદાણા : ચત્રભોજ ભીંયસી ડાઘા પરિવાર - વરાડીયા
સસરા : કાંતિલાલ કરમશી દંડ પરિવાર - મંજલ
નાનાણા : રાઘવજી હીરજી લોડાયા પરિવાર - બાંડીયા

---



કુ. અંકિતા રાજેન્દ્ર ખોના

## અંતરનાં અભિનંદન

કુ. અંકિતા C. A. Final ની પરીક્ષામાં 58.5% સાથે ઉત્તીર્ણ થયેલ છે.
ભવિષ્યમાં દરેક ક્ષેત્રે સફળતાના ટોચના શિખરો સર કરે
એવા અંતરના ભાવ સાથે હાર્દિક શુભેચ્છા.....

※ શુભેચ્છક ※

માતા - પિતા : અ. સૌ. અનિતા રાજેન્દ્ર ખોના,
બહેન : કુ. મિત્તલ રાજેન્દ્ર ખોના
કાકાશ્રી : ધર્મેન્દ્ર રાયચંદ ખોના
દાદાણા : સ્વ. અ. સૌ. રંજન રાયચંદ ખોના (ઘાટકોપર - ધ્રાફા)
નાનાણા : અ.સૌ. વિમલા ઠાકરશી ડાઘા (મલકાપુર - વરાડીયા)

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,